# આધ્યાત્મિક કેડી

તંત્રી : સંપાદક : કૈલાસબહેન એન. પરીખ



॥ કમલાસન પર બિરાજેલાં ગાયત્રી માતા ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

વર્ષ ૧૧ ] જુલાઈ ૧૯૯૨ [ અંક ૩જો

Scanned by CamScanner

# મારા જીવનનાં નવ સૂત્રો

૧. ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી.

૨. નિઃસહાયને સહાય કરવી.

૩. દુઃખીઓનાં દિલનાં આંસુ લૂછવાં.

૪. કોઈની ઇર્ષ્યા કરવી નહિ.

૫. કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.

૬. પરનિન્દાથી દૂર રહેવું.

૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.

૮. નિઃસ્વાર્થ સેવા કરવી.

૯. અહમ્‌નો ત્યાગ કરવો.

એન. બી. દવે (શાસ્ત્રીજી)

૭૭, 'શ્રદ્ધા', યોગેશ્વરનગર સોસાયટી, ભઠ્ઠા પાસે,
અંજલિ સિનેમા પાછળ, વાસણા, અમદાવાદ – ૩૮૦ ૦૦૭

Scanned by CamScanner



# આધ્યાત્મિક કેડી

[ શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ–૩૮૦૦૧૫ ]

વર્ષ ૧૧ ] ★ જુલાઈ : ૧૯૯૨ ★ [ અંક ૩ જો

## અનુક્રમણિકા

| | | | |
|---|---|---|---|
| ૧. | સ્વાધ્યાય | શાસ્ત્રીજી | ૩ |
| ૨. | પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... | ... | ૧૧ |
| ૩. | અમૃતનું આચમન | ડૉ. કાન્તિલાલ કાલાણી | ૧૭ |
| ૪. | 'એ કાળી વાદળીને પણ પી જઈશ'... | ... | ૨૧ |
| ૫. | જ્ઞાનગોષ્ઠિ | ... | ૨૪ |
| ૬. | નોકરી મળી | ... | ૨૬ |
| ૭. | સમાચાર | ... | ૨૮ |

□

★ આ ત્રૈમાસિક જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઑક્ટોબર માસમાં પ્રગટ થશે. ★ આપનું ૧૯૯૨ ના વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી. ★ પાંચ વર્ષનું એકસામટું લવાજમ સ્વીકારવામાં આવે છે.

★ વાર્ષિક લવાજમ રૂપિયા દસ ★

પ્રકાશક : શ્રી કૈલાસબહેન એન. પરીખ, શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, 'નિલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ – ૩૮૦૦૧૫

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧ * ફોન : ૩૯ ૨૫ ૧૨

Scanned by CamScanner



'આધ્યાત્મિક કેડી

જુલાઈ : ૧૯૯૨

# સ્વાધ્યાય

**શાસ્ત્રીજી**

કોઈ પણ ક્ષેત્ર-કોઈ પણ વિષયની જાણકારી પ્રાપ્ત કરવા માટે તેનો અભ્યાસ જરૂરી છે. આવા સતત અભ્યાસથી જ જે તે વિષયના જાણકાર નિષ્ણાત બની શકાય છે.

આધ્યાત્મિક ક્ષેત્રે પણ આ હકીકત એટલી જ પુરવાર થયેલી છે.

આધ્યાત્મિક ક્ષેત્ર અનન્ત છે. એની જાણકારી મેળવવા સતત અભ્યાસ જરૂરી છે. આ અભ્યાસ એ જ સ્વાધ્યાય. સ્વાધ્યાય શબ્દનો અર્થ સ્વયંસ્પષ્ટ છે. વ્યક્તિએ જાતે જ--સ્વયમ્-અભ્યાસ કરવાનો રહે છે. તેથી જ તે સ્વ + અધ્યાય = સ્વાધ્યાય કહેવાય છે. એમાં વ્યક્તિની પોતીકી સીધી અભ્યાસ પ્રવૃત્તિ સંકળાયેલી રહે છે.

શ્રીકૃષ્ણ ભગવાને શ્રીમદ્ ભગવદ્ગીતામાં સ્વાધ્યાયને દૈવી ગુણ ગણાવ્યો છે તેનું કારણ પણ કદાચ આ જ હોઈ શકે કે સ્વાધ્યાયથી માણસ સમ્પૂર્ણ જાણકાર-નિષ્ણાત-વિદ્વાન બની શકે છે. માણસની વિદ્વત્તાના મૂળમાં આ સ્વાધ્યાય જ રહેલો છે.

અત્રે આધ્યાત્મિક ક્ષેત્રે સ્વાધ્યાયની ઉપકારકતા વિશે રજૂઆત કરવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે.

સ્વાધ્યાયને શ્રીકૃષ્ણ ભગવાને દૈવી ગુણ તરીકે ઓળખાવ્યો છે એટલે એને સ્વીકારવો-વિકસાવવો જરૂરી લાગે છે.

સ્વાધ્યાયની ઉપકારકતા શું ?

ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કર્યા પછી, તેની શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારીને ઉપાસના શરૂ કર્યા પછી ઈશ્વરકૃપાની નાની-મોટી, વધતી-ઓછી અનુભૂતિઓ પ્રાપ્ત કર્યા પછી સ્વાધ્યાયની વિશેષ આવશ્યકતા ઉપસ્થિત થાય છે એમ હું માનું છું.

વિદ્યાર્થી કોઈ પણ એક વર્ગમાં દાખલ થાય ત્યારે સમગ્ર વર્ષ દરમ્યાન શીખવાના વિષયો નિશ્ચિત હોય છે. આખા વર્ષ દરમ્યાનનો તેનો અભ્યાસક્રમ નક્કી થયેલો હોય છે. આ અભ્યાસક્રમને આધારે તેણે આગળ વધવાનું હોય છે અને વર્ષના અન્તે પરીક્ષા આપી પાસ થવાનું હોય છે. વર્ગમાં શિક્ષક જુદા જુદા સમયના તબક્કે અભ્યાસક્રમના વિષયો શીખવતા જાય છે પણ વિદ્યાર્થીએ વર્ષ દરમ્યાનના જુદા જુદા સમયના વિભિન્ન તબક્કાઓમાં લેવાતી માસિક અને વાર્ષિક પરીક્ષાઓને નજરમાં રાખી



Scanned by CamScanner

વર્ગમાં શિક્ષકે શીખવેલા વિષયના જુદા જુદા મુદ્દાઓનો સતત અભ્યાસ કરતા રહેવું પડે છે જેથી વિદ્યાર્થી જે તે વિષયમાં વધુ ને વધુ વિશદતા–સમજણ પ્રાપ્ત કરી શકે અને પરીક્ષામાં સરળતાથી સફળતા મેળવી શકે.

આધ્યાત્મિક ક્ષેત્રે પણ આવું જ છે.

જેમ વિદ્યાર્થી શાળામાં કે કૉલેજમાં કે કોઈ શૈક્ષણિક સંસ્થામાં દાખલ થાય છે તેમ વ્યક્તિ ભૌતિક પ્રાપ્તિની અપેક્ષાથી, કે ઈશ્વરપ્રાપ્તિની અભીપ્સાથી સ્વયંસ્ફુરણાના આધારે કે કોઈકના નિર્દેશથી, ગમે તે સંજોગોમાં, આધ્યાત્મિક પથનો સ્વીકાર કરે છે અને પોતાના ઇષ્ટની ઉપાસના શરૂ કરવા તત્પર બને છે તે આધ્યાત્મિક પથના યાત્રી માટે પ્રથમ સોપાન છે.

બીજું સોપાન છે શ્રદ્ધાપૂર્વક ઈષ્ટની શરણાગતિ અને ઉપાસના.

ત્રીજું સોપાન છે આધ્યાત્મિક પથની કસોટીઓ, વિકટતાઓ.

ચોથું સોપાન છે આધ્યાત્મિક માર્ગે દાખવવાની સાવધતા અને સજાગતા.

છેવટનું પાંચમું સોપાન તે આધ્યાત્મિક સ્વીકૃતિનું પરિણામ – આત્મ સાક્ષાત્કાર કે સાક્ષાત્કાર.

આધ્યાત્મિકતાનાં આ સોપાનો સરળતા અને સફળતાથી પાર પાડવા માટે સતત સ્વાધ્યાયની જરૂર પડે છે.

કઈ રીતે તે સમજવાનો પ્રયત્ન કરીએ.

પ્રથમ સોપાનની વાત કરીએ તો આધ્યાત્મિક પથ શું છે, એનો સ્વીકાર જરૂરી છે કે નહિ, જરૂર છે તો શા માટે, એની ઉપકારકતા શી છે એ અંગે જો જાણકારી મેળવી લઈએ તો જીવનનો આધ્યાત્મિક અભિગમ કેળવાય, એ અભિગમમાં રસ, રુચિ ને દિલચસ્પી કેળવાય, એમાં આગળ વધવાની પ્રેરણા મળે અને જીવન શાશ્વત સુખ અને શાંતિનો અનુભવ કરી શકે. પરંતુ સમગ્ર આધ્યાત્મિક પથ કાંટાળો છે. એમાં ઘણી બધી સજ્જતા, સજાગતા, સાવધતા અને વ્યક્તિના સમસ્ત અસ્તિત્વ ને વ્યક્તિત્વના સત્ત્વની જરૂર પડે છે. વ્યક્તિએ એ માટે તત્પર બનવું પડે છે. તો જ આધ્યાત્મિક પથનો સ્વીકાર થઈ શકે.

યંત્રયુગના ભૌતિકવાદી જમાનામાં વ્યક્તિ સતત માનસિક અશાંતિ અને તનાવનો અનુભવ કરે છે, તે શાંતિ અને સ્વસ્થતા પ્રાપ્ત કરવા માત્ર ભૌતિકતાનો આધાર લે છે પણ અશાંતિમાં ઓર વધારો થાય છે. આધ્યાત્મિક માર્ગે જવાથી સાત્ત્વિકતાનો આવિર્ભાવ સધાય છે અને શાંતિ અને સ્વસ્થતાનો અનુભવ અવશ્ય થઈ શકે છે.

ઉપરાંત આધ્યાત્મિકતાનું ગણિત એક અનોખા પ્રકારનું ગણિત છે. એ હકીકત માનવીએ સૌ પ્રથમ જાણી અને સમજી લેવાની છે. એ જાણી–સમજીને જ આધ્યાત્મિકતાનો સ્વીકાર કરવાનો છે અને સ્વીકાર કર્યા પછી આધ્યાત્મિક પથની વિભાવનાઓને સતત ઘૂંટયા કરીને પોતાના અસ્તિત્વ અને વ્યક્તિત્વમાં ઊતારવાનો, એકાકાર કરવાનો પ્રયત્ન કરવાનો રહે છે. વ્યક્તિના સમસ્ત વ્યક્તિત્વ અને અસ્તિત્વને, સમગ્ર જીવનને આધ્યાત્મિક અભિગમથી ભરી દેવા સ્વાધ્યાય જરૂરી છે.

દ્વિતીય સોપાન પર શ્રદ્ધાપૂર્વક ઈષ્ટની શરણાગતિ સ્વીકારી ઉપાસનાની શરૂઆત કરવામાં આવે છે. વ્યક્તિએ પોતાના સમસ્ત અસ્તિત્વમાં શ્રદ્ધા અને શરણાગતિનો આવિર્ભાવ સાધવો અને ઉપાસનાનો ક્રમ નક્કી કરવો જરૂરી છે. પણ આ હકીકત જેટલી સરળતાથી અને સહજતાથી કહેવાય છે તેટલી



Scanned by CamScanner

આચરણમાં દુષ્કર બને છે. શ્રદ્ધાને સરકી જતાં વાર નથી લાગતી. શરણાગતિનું સામીપ્ય જલ્દી સાધી શકાતું નથી અને ઉપાસનામાં આળસ અને પ્રમાદ આવે તે ખૂબ સહજ છે. આથી વ્યક્તિએ શ્રદ્ધાપૂર્વક પોતાના ઇષ્ટની શરણાગતિ સ્વીકાર્યા પછી, તેની ઉપાસના શરૂ કર્યા પછી શ્રદ્ધાને અટળ અને અવિચળ બનાવવા, શરણાગતિને અનન્ય બનાવવા અને ઉપાસનાને નિયમિત અને નિરંતર બનાવવા મનને, સ્વભાવને કેળવવાની જરૂર છે. એ સ્વાધ્યાયથી જ કેળવી શકાય.

આ સાથે જ વ્યક્તિએ નિષ્કામ ભાવને અનિવાર્ય શરત તરીકે સ્વીકારવાની જરૂર છે. ભૌતિક સફળતા-નિષ્ફળતાને ઇશ્વરોપાસના સાથે કોઈ જ સંબંધ નથી. તેમ છતાં ભગવાનના શરણાગતનું કદી અહિત થતું જ નથી એ હકીકતને સનાતન સત્ય તરીકે સ્વીકારવાની જરૂર છે. કયારેક ઇષ્ટમાં શ્રદ્ધા મૂકયા પછી, તેની સમ્પૂર્ણ શરણાગતિ સ્વીકાર્યા પછી પણ વિષમવિપરીત સંજોગો નિર્માણ થાય તો પણ તેમાં ઈશ્વરનો કોઈક જુદો જ સંકેત હશે એવી પાયાની જાણકારી માટે સ્વાધ્યાય જરૂરી છે. આવી જાણકારી પ્રાપ્ત કરીને શ્રદ્ધા અને શરણાગતિને અસ્તિત્વમાં એકાકાર કરવા માટે સ્વાધ્યાય જરૂરી છે.

---

**વ્યક્તિના સમસ્ત વ્યક્તિત્વ અને અસ્તિત્વને-સમગ્ર જીવનને આધ્યાત્મિક અભિગમથી ભરી દેવા સ્વાધ્યાય જરૂરી છે.**

*

**શ્રદ્ધાને અટળ અને અવિચળ બનાવવા, શરણાગતિને અનન્ય બનાવવા મનને, સ્વભાવને કેળવવાની જરૂર છે. એ સ્વાધ્યાયથી જ કેળવી શકાય.**

---

પરંતુ આધ્યાત્મિક માર્ગે આટલી ગતિ કરતાં સુધીમાં તો વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક અને આધ્યાત્મિક ગણાય એવી ઘણી યે વિષમતાઓ, વિકટતાઓ, વિપરીતતાઓનો અનુભવ થાય છે. આ અનુભવ ઈશ્વરના અસ્તિત્વની સ્વીકૃતિના મૂળ પર જ સીધો પ્રહાર કરવા શક્તિમાન બને છે. આથી એ પ્રતિકૂળ સંજોગોને પાર કરવા શારીરિક-માનસિક ક્ષમતાની જરૂર છે. એ માટે જીવન પ્રત્યે અને ઈશ્વરની શરણાગતિના સ્વીકાર સુદ્ધાંમાં ખમીર અને ખુમારીની આવશ્યકતા છે. આ ખમીર અને ખુમારી અસ્તિત્વમાં પ્રગટે તો જ ભૌતિક અને આધ્યાત્મિક માર્ગે ટકી રહેવાય અને પ્રગતિ કરી શકાય. આમ ભૌતિક અને આધ્યાત્મિક પન્થે ટકી રહેવા અને પ્રગતિ કરવા સ્વાધ્યાયની જરૂર છે. આ સ્વાધ્યાયમાંથી ઘણું બળ મળે છે. જે બળ આગળ વધવાની અને ટકી રહેવાની શક્તિ આપે છે.

આધ્યાત્મિકતાના સ્વીકાર પછી, ઈશ્વરશરણે જીવન સમર્પિત કર્યા પછી વ્યક્તિએ ભૌતિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ અનેકવિધ સાવધતા અને સજાગતા દાખવવી પડે છે. સમસ્ત જીવનને મન, વચન અને કર્મથી પવિત્ર રાખવાનું હોય છે. નીતિ અને પ્રમાણિકતાનાં મૂલ્યોથી વિમુખ અને વંચિત ન થઈ જવાય એની કાળજી રાખવાની છે. ઘણી વાર એવું બને છે કે વ્યક્તિ જ્યારે આધ્યાત્મિક સિદ્ધાંતોને અધીન બનીને જીવનવ્યવહાર ચલાવતી હોય ત્યારે પોતાના જ સ્વજનો, મિત્રો, સંબંધીઓ તરફથી પોતે સ્વીકારેલા સિદ્ધાંતોમાં બાંધછોડ કરવાની સલાહ મળતી હોય છે. જીવનના સુખ ખાતર, કુટુંબના સુખ ખાતર સિદ્ધાંતોને વળગી ન રહેવા માટે કહેવાતું હોય છે. તો ઘણી વાર આપણો આધ્યાત્મિક અભિગમ જાણીને ત્વરિત કાર્ય સિદ્ધિની લાલચ આપીને, આધ્યાત્મિક અનુભૂતિની લાલચ આપીને કોઈ આપણને ઉપાસનાનો રાહ બદલાની સલાહ આપે છે. અલબત્ત એમાં ખોટું કંઈ નથી પરંતુ ગમે તે

માર્ગ અપનાવો તો પણ શ્રદ્ધા અને શરણાગતિ જ જરૂરી છે. આધ્યાત્મિક અભિગમમાં પણ વ્યવહારુતા કે વાસ્તવિકતાનો સ્વીકાર કરવાની તેમ જ સીધી લીટીએ ગતિ કરવાની જરૂર છે. હું અગાઉ જ કહી ગયો કે આધ્યાત્મિકતાનું ગણિત અનોખા પ્રકારનું છે. વ્યક્તિનાં કર્મો પ્રમાણે જ તેના જીવનની ગતિ થાય છે. કોઈ ઉપાસના કે કોઈ મંત્રમાં એવી શક્તિ નથી કે તે તમને ત્વરિત સિદ્ધિ કે સફળતા અપાવી દે કે અનુભૂતિ કરાવી દે. સિદ્ધિ, સફળતા કે અનુભૂતિ કરાવવી કે ન કરાવવી તે તો ઈશ્વરના હાથની વાત છે. વળી તમારું પ્રારબ્ધ કર્મ પાક્યું હોય તો તમને જલ્દી સફળતા મળી શકે. ઇષ્ટ માટે જેટલી શ્રદ્ધા અને શરણાગતિ દઢ અને તીવ્ર ઉત્કટતાને પરિણામે પણ અનુભૂતિ જલ્દી થઈ શકે. કર્મો કપાવાનાં બાકી હોય તો અનુભૂતિ થતાં વાર પણ લાગે.

મનુષ્યને સફળતાની આકાંક્ષા રહે તે સ્વાભાવિક છે. પણ એ ઇષ્ટના હાથમાં કેમ ન સોંપી દઈએ? અને આધ્યાત્મિક સિદ્ધિ મેળવવાની ખેવનાની પણ શી જરૂર છે? ઈશ્વરને આપવું હશે તો તે એની મેળે આપી દેશે.

મારી પાસે આવનાર મુલાકાતીઓમાંથી ઘણા એવા છે કે જેઓને માતાજીની કૃપાની ખૂબ ત્વરાથી અનુભૂતિઓ થવા માંડે છે, તો કેટલાકને ખૂબ ઓછી અનુભૂતિ થાય છે. તો કેટલાકને કોઈ અનુભવ થતો નથી. એનો અર્થ એવો તો ન જ કરી શકાય ને કે ગાયત્રી મંત્ર શીઘ્ર ફળ નથી આપતો. કોઈ પણ ઉપાસના કે મંત્રનો પ્રભાવ અચૂક પડે જ છે. પણ જરૂર છે આપણી ધીરજની, શ્રદ્ધાની, સહનશક્તિની, સમર્પણની. આપણે આપણા ઇષ્ટ સાથે એવું તાદાત્મ્ય સાધવાનો પ્રયાસ કરીએ કે તેણે સ્વયં આપણાં કાર્યો કરવા આવવું પડે. વળી ભૌતિક સફળતા–નિષ્ફળતાને ઈશ્વરોપાસના સાથે કોઈ સંબંધ નથી. આથી ઉપાસના ગમે તે હોય પણ સફળતાની ખાતરી તો ન જ મળી શકે.

નરસિંહ–મીરાંની ભક્તિમાં નર્યું નિરંતર રટણ અને શ્રદ્ધા, શરણાગતિ અને સમર્પણ ભાવ હતા કે ભગવાન સતત તેમની પડખે રહેતા.

કહેવાનું તાત્પર્ય એ કે ભૌતિક અને આધ્યાત્મિક સિદ્ધિ માટે આપણી શ્રદ્ધા અને શરણાગતિ નંદવાય નહિ તે જોવું જોઈએ. દરેકની વાત સાંભળવી, ઉશ્કેરાઈ જઈને તેનો વિરોધ ન કરવો. આપણા આધ્યાત્મિક અભિગમમાં જ્યારે આવી પરિસ્થિતિથી મૂંઝવણ સર્જાય કે અકળામણ અનુભવાય ત્યારે ઇષ્ટનું રટણ કરવું અને યોગ્ય પ્રેરણા આપવા, માર્ગ દર્શાવવા પ્રાર્થના કરવી. એ પ્રાર્થનાથી જરૂર મૂંઝવણ–અકળામણ દૂર થશે, શાંતિનો અનુભવ થશે અને શ્રદ્ધા–શરણાગતિ દઢ થશે. આપણે સ્વીકારેલા અભિગમને પુષ્ટિ મળશે. તમે એક વાર અનન્યભાવે પ્રાર્થના કરશો એટલે આપોઆપ અંદરથી જ જવાબ મળશે. એ જવાબ એ અનુભૂતિ; એ જ પ્રેરણા.

પરંતુ આવી પ્રેરણા તો આધ્યાત્મિક ક્ષેત્રના ઊંડા અભ્યાસથી જ પ્રાપ્ત કરી શકાય. આવી પ્રેરણા–પ્રાપ્તિ પછી વ્યક્તિમાં એક નવી જ શ્રદ્ધા અને આધ્યાત્મિકતાનો આવિર્ભાવ થાય છે.

આધ્યાત્મિક સ્વીકૃતિના પરિપાક રૂપે આત્મસાક્ષાત્કાર કે સાક્ષાત્કાર પ્રાપ્ત કર્યા પછી પણ સ્વાધ્યાય જરૂરી છે. આત્મસાક્ષાત્કાર એટલે સ્વને ઓળખવાની પ્રવૃત્તિ અને પ્રક્રિયા.

સાક્ષાત્કાર એટલે પોતાના ઇષ્ટના–પ્રભુના પ્રગટ સ્વરૂપે સાક્ષાત્ દર્શન કરવા, તેમની સાથે વાર્તાલાપ કરવો, તેમની પાસેથી માર્ગદર્શન–આશીર્વાદ મેળવવા વગેરે. આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કર્યા પછી સાક્ષાત્કાર સુધી પહોંચવાનું છે અને સાક્ષાત્કાર પ્રાપ્ત કર્યા પછી એ શિખર પર સમતોલ અને સ્થિર રહેવાનું છે. સાક્ષાત્કારના શિખર પર પહોંચ્યા પછી બે હાથ જોડી બેસી રહેવાનું નથી. એ શિખર પર પણ નિત્ય



[ આધ્યાત્મિક કેડી, જુલાઈ, '૯૨

Scanned by CamScanner

નિયમિત ઉપાસના, પવિત્રતા, શ્રદ્ધા, શરણાગતિ અને સમર્પણ ભાવ તો જરૂરી છે જ. એ હકીકતને સ્મરણમાં રાખવાની રહે છે. સાક્ષાત્કાર એ આધ્યાત્મિક ક્ષેત્રનું ઉચ્ચ સોપાન તો અવશ્ય છે જ, પરંતુ ત્યાં ઉપર ચડયા પછી ક્યારેય નીચે ગબડી ન પડાય તેની સાવધાની ને જાગૃતિ તો હોવી જરૂરી છે. સાધકને-મનુષ્યને જો આ જાણકારી હોય તો જ તે સ્થિર રહી શકે.

જીવનના-આધ્યાત્મિકતાના ક્યા ક્યા સ્થાન પર સ્વાધ્યાય જરૂરી છે તેનો નિર્દેશ કર્યો.

હવે એ સ્વાધ્યાય કઈ કઈ રીતે થઈ શકે તેની વાત કરીએ.

સ્વાધ્યાય એકલા અને સમૂહમાં થઈ શકે છે. ઉપરાંત એમાં આધ્યાત્મિક ગ્રંથો, પુસ્તકો, સામયિકો વગેરેનું વાચન, એ વાચનનું સતત મનન-ચિંતન, સત્સંગ, આધ્યાત્મિક પુરુષોનાં પ્રવચનો, કથા-વાર્તાનું શ્રવણ અને જેઓ સાચા અર્થમાં અધ્યાત્મપરાયણ કે ઈશ્વરાભિમુખ છે તેવી વ્યક્તિઓના સંપર્કમાં આવી તેમના અનુભવો સાંભળી; તેમની સાથે વિચારોનું આદાનપ્રદાન કરી આધ્યાત્મિકતાની જાણકારી પ્રાપ્ત કરી શકાય છે. તેનો સતત અભ્યાસ કરી નિજના માનસમાં આધ્યાત્મિક અભિરુચિ તેમજ ઈશ્વરના અનુરાગનો પિંડ બાંધવાનો પ્રયત્ન કરી શકાય છે.

ત્યાર બાદ જપ અને ધ્યાન દ્વારા પણ સ્વાધ્યાય કરી શકાય છે. સતત જપ, ધ્યાન, ઈશ્વરીય સ્મરણ વડે આપણું અસ્તિત્વ એક પ્રકારની શાંતિ-સ્વસ્થતાનો અનુભવ કરે છે. ચિત્ત એમાં એકાગ્ર ને લીન થવા માંડે છે. એવી એકાગ્રતા કે તલ્લીનતાના પરિણામે ઈષ્ટનું સાન્નિધ્ય સાંપડે છે. એક અમૂર્ત - abstract- નજરે જોઈ ન શકાય કે સ્થૂળ સ્પર્શથી અનુભવી ન શકાય તેમ છતાં મનથી ચોક્કસપણે અને ક્રમશઃ સજગતાથી અનુભવી શકાય એવી સંનિકટતા ઈશ્વર સાથે સ્થપાતી જાય છે. ઈશ્વર સાથે આવી સંનિકટતા કેળવતાં જ જીવન એક અભૂતપૂર્વ સભરતાનો અનુભવ કરે છે. એટલું જ નહિ, આધ્યાત્મિક અભિગમને પુષ્ટિ મળે છે.

---

**સ્વાધ્યાયમાંથી ઘણું બળ મળે છે, જે બળ આગળ વધવાની અને ટકી રહેવાની શક્તિ આપે છે.**

*

**સ્વાધ્યાય વ્યક્તિના, કુટુંબના, સમાજના, દેશના અને વિશ્વના નૈતિક ઉત્થાન માટે વિશેષ આવશ્યક અને અનિવાર્ય છે.**

---

માનવીનો ઈશ્વર પ્રત્યેનો દૃઢ અનુરાગ અને ભીતરની તિતિક્ષાવૃત્તિ આધ્યાત્મિક પથનાં ઘણાં રહસ્યોનો ઉઘાડ કરી આપે છે. ઈશ્વર સાથેની સંનિકટતા અન્તરપટ પર અનેકવિધ આધ્યાત્મિક અને નૈતિક પ્રેરણાઓ અને સંકેતો પ્રસ્ફુટ કરી આપે છે, જેના દ્વારા પણ ઘણાં આધ્યાત્મિક રહસ્યો પ્રાપ્ત થવાની પૂરી શક્યતા રહે છે.. જપ અને ધ્યાનથી શરીર અને મનમાં એક વિલક્ષણ શક્તિ નિષ્પન્ન થાય છે, જે અસ્તિત્વમાં પ્રેરણા અને સંકેતોનો આવિર્ભાવ લાવે છે.

પરંતુ કેવળ આધ્યાત્મિક પથની જાણકારી પ્રાપ્ત કર્યેથી કામ પતી જતું નથી. આધ્યાત્મિક માર્ગે મહત્ત્વ તો વ્યક્તિની શ્રદ્ધા, શરણાગતિ અને નિત્ય ઉપાસનાનું છે. શ્રદ્ધા સહજતાથી પ્રાદુર્ભાવ પામતી નથી. શ્રદ્ધા જાગે છે એવી જ અસ્ત થઈ જવાની પૂરી શક્યતા રહે છે. અથવા તો પ્રાદુર્ભાવ પામેલી શ્રદ્ધા મનુષ્યના અસ્તિત્વની જ અનેકવિધ જડતા, પ્રમાદ, સંશય, પ્રકૃતિગત-સ્વભાવગત સંસ્કારો,



Scanned by CamScanner

ચંચળતાઓ વગેરેના કાળમીંઢ ખડકો સાથે અથડાય છે, અવરોધાય છે ને પાછી ફેંકાય છે. આ કાળમીંઢ ખડકોમાંથી શ્રદ્ધાના પ્રવાહને વેગવાન બનાવવા વાચન, શ્રવણ અને સત્સંગ જરૂરી છે. જુદા જુદા પ્રસંગો અને એને લગતી વિશદ છણાવટ – વિગતે અપાતી સમજ મનુષ્યની શ્રદ્ધા અને શરણાગતિને વિશેષ ઉપકારક નીવડે છે. પ્રસંગો અને તેના વિશ્લેષણથી મનુષ્યને પોતાના અનેકવિધ ઉત્પાતોમાં શાંતિ મળે છે અને તેની શ્રદ્ધા ને શરણાગતિ દૃઢ બને છે. ઈશ્વર પ્રત્યેનો અનુરાગ અસ્ખલિત બનતો જાય છે અને ઉપાસનામાં નિયમિતતા કેળવાતી જાય છે. વાચન, શ્રવણ અને સત્સંગથી ચિત્તનો પુરુષાર્થ કેળવાય છે. વ્યક્તિનો નિજી પુરુષાર્થ જ શ્રદ્ધાભાવને કેળવવા ઉપકારક નીવડી શકે એમ હું સ્પષ્ટ માનું છું.

સ્વાધ્યાયમાં જ્યારે સત્સંગની વાત કરીએ છીએ ત્યારે સંતોના – ગુરુના સાન્નિધ્યનો પણ તેમાં સમાવેશ થઈ જાય છે. સન્ત-ગુરુ આધ્યાત્મિકતાનું પૂર્ણરૂપે ખીલેલું પુષ્પ છે. તેઓ આધ્યાત્મિક પથની દીવાદાંડી છે. તેમના સાન્નિધ્યના સેવનથી તેમનાં ચરણોમાં નમ્રભાવે – પ્રેમ શ્રદ્ધાભાવે બેસવાથી, સ્થાન મેળવવાથી ક્રમશઃ આધ્યાત્મિકતાનાં અનેક રહસ્યો તેમના મુખે સાંભળવા અને જાણવા મળે છે. ઈશ્વરીય ગતિવિધિની – તેની લીલાઓની અનેક વાતો આપણા સંશયોને નામશેષ કરી શકે છે અને શ્રદ્ધાનો ઉદ્ભવ કરે છે કે પ્રાદુર્ભાવ પામેલી શ્રદ્ધાને, સંશયમાં સરી પડતી શ્રદ્ધાને સ્થિર, શાંત અને પરિપૂર્ણ બનાવે છે. સન્તો-ગુરુ પાસેથી ઉપાસનાની ચોક્કસ રીતિ જાણવા મળે છે – જેમ વિદ્યાર્થી શિક્ષક પાસેથી દાખલા ગણવાની સરળ પદ્ધતિ શીખે તેમ.

સ્વાધ્યાયમાં એક હકીકતનો સમાવેશ કરવો જરૂરી છે કે, ઉપાસના કરતી વેળા ઇષ્ટના ગમે તે એક સ્વરૂપનો મુખ્યત્વે સ્વીકાર કરવો જરૂરી છે. અલબત્ત અન્ય સ્વરૂપની ઉપાસના-જપ, સ્મરણ વગેરે અવશ્ય કરી શકાય છે, પણ મુખ્યત્વે એક સ્વરૂપનો સ્વીકાર મારી દૃષ્ટિએ જરૂરી છે. પોતાની ૨૫-૩૦ કે ૪૦-૪૫ વર્ષની ઉંમરે ઈશ્વરીય અસ્તિત્વની જાણકારી મળી, ઉપાસનાની પ્રેરણા જાગી (આશય ગમે તે હોય) અને પાંચ વર્ષ રામને, બીજાં પાંચ કૃષ્ણને, બીજાં પાંચ-દસ વર્ષ શિવને, બીજાં થોડાં વર્ષો વળી કોઈ અન્ય દેવીની ઉપાસનામાં વીતવા છતાં ખાસ કોઈ ભૌતિક-આધ્યાત્મિક ફળ-પ્રાપ્તિ ન થઈ અને સિદ્ધિ પ્રાપ્ત કરવાની આકાંક્ષા તો વધુ ને વધુ પ્રબળ બનતી ગઈ. આમ ને આમ જિંદગીની અડધી-પોણી મજલ કપાઈ ગઈ, પણ ખાસ કશું હાંસલ થઈ ન શક્યું. આથી ઈશ્વરીય અનુભૂતિની સહજ પ્રાપ્તિ માટે, ઈશ્વર સાથે અનુસન્ધાન સાધવા આ હકીકત સમજી લેવી જરૂરી લાગે છે. આવી હકીકતો સન્તો-ગુરુ પાસેથી જ જાણી શકાય તેમ જ અન્ય સાચી-ખોટી સાંભળેલી હકીકતો પરત્વે સાચું સમર્થન-માર્ગદર્શન પણ સન્ત-ગુરુ પાસેથી જ મેળવી શકાય કારણ કે આપણે ખૂબ પરંપરાવાદી છીએ. આપણે જે રૂઢિઓનો સ્વીકાર કરી ચાલીએ છીએ તેની યોગ્યતા-અયોગ્યતા વિશે, તેની વાસ્તવિકતા વિશે કદી વિચાર કરતા નથી. આપણે જે માનીએ છીએ તે માન્યતાને પકડીને બસ ચાલ્યા જ કરીએ છીએ. આપણા ઘણા અભિગમો ખૂબ છીછરા અને અવાસ્તવિક બની રહે છે. વળી એ રૂઢિઓ, માન્યતાઓ, અભિગમોથી આપણને ઘણી વાર ખૂબ મોટું નુકસાન પણ થાય છે, કે આપણને ઘણી મુશ્કેલી પડે છે, પણ આપણે કદી વિચારવા માટે થોભતા નથી. વિચારીએ છીએ તો ઉકેલની ખેવના નથી રાખતા. આચરણની પરવા નથી કરતા. આપણું ચુસ્ત વલણ છૂટતું નથી.

ભૌતિક અને આધ્યાત્મિક બન્ને દૃષ્ટિએ આ પરિસ્થિતિ ઉપસ્થિત થાય છે. એનો સાચો ઉકેલ-યોગ્ય માર્ગદર્શન સન્ત કે ગુરુ જ આપી શકે. આથી જ સન્તના-ગુરુના સાન્નિધ્યથી, તેમની ચરણસેવા માત્રથી વ્યક્તિ ભૌતિક-આધ્યાત્મિક સાચી દિશા-સાચો ઉકેલ પ્રાપ્ત કરી શકે છે. આમ સન્તનું-ગુરુનું સાન્નિધ્ય વ્યક્તિ માટે, સમાજ માટે એક બહુ મોટું પરિબળ બની રહે છે.



Scanned by CamScanner

સંપૂર્ણ પ્રભુપરાયણ રહેવા છતાં, ઇષ્ટને આધીન બનવા છતાં, સમગ્ર જીવનમાં સમ્પૂર્ણ નિષ્ઠ અને કર્તવ્યપરાયણ બનવા છતાં ઘણી વાર ભૌતિક અને આધ્યાત્મિક ઉભય દૃષ્ટિએ ખૂબ જ વિષમ, કટુ અને નિરાશાજનક અનુભવો થાય છે. જીવનનાં મૂલ્યોમાંથી, ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધામાંથી વિશ્વાસ ઊઠી જાય છે. આવી પળોમાં સાત્ત્વિક, આધ્યાત્મિક, સાહિત્યિક, પ્રેરક વાચન, સત્સંગ, સ્વાધ્યાયથી, જપ, ધ્યાનથી અસ્તિત્વમાં સહનશીલતા અને ધીરજનાં અંકુર ફૂટે છે અને ક્રમશઃ એ ધીરજ અને સહનશીલતા વિકાસ પામી સ્થિતપ્રજ્ઞતાની કોટિએ પહોંચે છે. જીવનની સ્થિરતાને, સ્વસ્થતાને, આનંદને, શ્રદ્ધાને, મસ્તીને એના મૂળમાંથી હચમચાવી મૂકે તેવી પરિસ્થિતિમાં આવા વાચન–સ્વાધ્યાયથી અસ્તિત્વમાં ઉન્નત વિચારોનો પ્રાદુર્ભાવ થાય છે. વિચારોનો એ પ્રાદુર્ભાવ ટકી રહેવાનું બળ પૂરું પાડે છે. નિરાશામાં આશાનો–શ્રદ્ધાનો–શક્તિનો સંચાર કરે છે. તેથી જ ચિત્તને હંમેશ કોઈ ને કોઈ કાર્યમાં પરોવાયેલું રાખવાનું કહેવાયું છે. સમગ્ર જીવનપથના કસોટીકાળમાં વાચન–સત્સંગ બહુ મોટું આશ્વાસન બની રહે છે. એટલું જ નહિ, ઉપસ્થિત થયેલ કટુ, વિષમ, વિપરીત પરિસ્થિતિઓ જીવનની કસોટીઓ જ બનીને આવી છે એમ માનવા પ્રેરે છે. એવી પ્રેરણામાંથી જ એક આશ્વાસનબળ, ધીરજ અને સહનશીલતા પ્રગટે છે. એથી યે વિશેષ એ ઈશ્વરપ્રેરિત હોવાનો પણ અંદેશો આપે છે. જીવનની વિષમ, વિપરીત પરિસ્થિતિઓમાં ઇશ્વરીય પ્રેરણા અને સંકેતોને વાંચવાની આત્મિક–માનસિક શક્તિ–સમજ કેળવાય છે. તેમ થતાં જ અસ્તિત્વમાં આશા, શ્રદ્ધા અને સ્વસ્થતાનો સંચાર થાય છે. આ સ્વાનુભૂતિનો–સ્વાધ્યાયનો વિષય છે.

---

**મનુષ્યના સમસ્ત વ્યક્તિત્વ અને અસ્તિત્વની શારીરિક, માનસિક અને આત્મિક કેળવણીની પ્રક્રિયા તે સ્વાધ્યાય.**

*

**સમગ્ર સ્વાધ્યાય પ્રવૃત્તિ એ સ્વયં જ્ઞાનપ્રાપ્તિનું પ્રેરક બળ બની રહે છે.**

---

પરંતુ વાત આટલેથી અટકતી નથી.

જીવનમાં આધ્યાત્મિક અભિગમનો સ્વીકાર કર્યા પછી વ્યક્તિએ અનેકવિધ સાવધતાઓ અને સજાગતાઓ દાખવવી પડે છે. આધ્યાત્મિક પથ વિકટ, કાંટાળો તાજ અને ભીષ્મની બાણશૈયા જેવો છે. તલવારની ધાર જેવો તીક્ષ્ણ છે. જીવનની સીધી લીટીની ગતિ, સાત્ત્વિક અભિગમ તેમ જ મન, વચન અને કર્મની પવિત્રતા એ આધ્યાત્મિક પથની સ્વીકૃતિની અનિવાર્ય શરત છે. એનું કોઈ પણ ભોગે પાલન કરવું જરૂરી છે. આમાંથી ચલિત કરવા અનેકવિધ પ્રલોભનોનો ઢગ આપણી સામે ખડકાઈ જાય છે. વ્યક્તિ પોતાના અંગત કે કુટુંબના સુખ ખાતર અવશપણે, અનિચ્છાએ પણ પ્રલોભનોમાં સરી પડે છે. ઈશ્વર સહાય કરશે એવી પ્રતીતિથી વિમુખ બની જાય છે કે એવી પ્રતીતિના અભાવે જીવનની વિષમ પરિસ્થિતિથી કંટાળી, થાકી, હારીને કે સહજપણે જ પ્રલોભનોને વશ થઈ જાય છે, ઈશ્વરને પ્રાર્થના કરવાનું ભૂલી જાય છે. એમાંથી ઘણી વાર વ્યક્તિનું બહુ મોટું નૈતિક અધઃપતન થાય છે. એ અધઃપતનની ગર્તામાં ધકેલાયા પછી તેને સત્ય સમજાય છે, પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. આથી વ્યક્તિગત કે કૌટુંબિક હિત ખાતર, કે રૂઢિઓ–પરંપરાઓને વળગી રહેવાથી ક્યાંક અધઃપતન કે વિનાશને તો નથી નોતરી બેસતા ને તેનો વિચાર કરવો જરૂરી બને છે. આવો વિચાર, આવી સમજણ કે પ્રતીતિ પણ સતત જપ, ધ્યાન, સાત્ત્વિક વાચન અને સત્સંગના પરિણામે, શ્રદ્ધા અને



Scanned by CamScanner

શરણાગતિના સાતત્યને પરિણામે જ પ્રાપ્ત કરી શકાય છે. આમ સ્વાધ્યાય વ્યક્તિના, કુટુંબના, દેશના અને વિશ્વના નૈતિક ઉત્થાન માટે વિશેષ આવશ્યક અને અનિવાર્ય પણ છે.

સ્વાધ્યાય એ મનુષ્યના સમસ્ત વ્યક્તિત્વ અને અસ્તિત્વની શારીરિક, માનસિક અને આત્મિક કેળવણીની પ્રક્રિયા છે. રોટલી બનાવવા લોટને જેમ કેળવવો પડે છે, માટીમાંથી વિવિધ ઘાટ બનાવવા જેમ કુંભાર માટીને ગૂંદે છે તેમ જીવનને સુરેખ, ભાતીગળ, સુરભિત, પ્રેરક અને પ્રકાશિત બનાવવા જપ, ધ્યાન, વાચન, સત્સંગ, નૈતિક મૂલ્યો અને સાત્ત્વિકતા વડે કેળવવું પડે છે.

આત્મ સાક્ષાત્કાર અને સાક્ષાત્કાર એ મનુષ્યના જીવનની ઇતિશ્રી નથી. આધ્યાત્મિકતાની અવધિ નથી. આત્મ સાક્ષાત્કાર કે સાક્ષાત્કારની પ્રાપ્તિ પછી બે હાથ જોડી બેસી રહેવું ઉચિત નથી. વ્યક્તિની જવાબદારી અને સાવધતા વધે છે. તેણે વિશેષ સમતોલન સાધવાની અને સ્થિર બનવાની જરૂર પડે છે. આધ્યાત્મિકતાનું આ સર્વોત્તમ શિખર છે. આ શિખર પરથી જો માણસ ગબડે તો તે ઊભો ન થઈ શકે. સ્થિર રહેવાની શક્તિ સ્વાધ્યાયથી, આંતરિક ક્ષમતાથી જ આવી શકે. વળી અહીંથી સેવાની, ઉપકારકતાની પ્રવૃત્તિ કરવી પણ જરૂરી બને છે. આથી સમગ્ર જીવન દરમ્યાન જે કોઈ સમ-વિષમ અનુભવો થયા હોય, જે કંઈ સારું-માઠું મેળવ્યું હોય તેના મનન ચિંતન દ્વારા, તેનું સરવૈયું કાઢી તેના આધારે પોતે અનુભવેલી, જાણેલી, જોયેલી, એક નવી જ કેડીનો જગતને નિર્દેશ કરી શકાય છે એમ હું માનું છું.

જીવન અને આધ્યાત્મિકતાના પથ પર ઉદ્ભવતા વિભિન્ન તબક્કાઓમાં સ્વાધ્યાય સ્વ અને સમષ્ટિના શ્રેયાર્થે-કલ્યાણ માટે ઉપકારક નીવડી શકે છે. એટલું જ નહિ, ઈશ્વરના અનુરાગની પ્રાપ્તિ માટે, આત્મવિકાસ માટે, આત્મ સાક્ષાત્કાર માટે 'અને સાક્ષાત્કાર માટે નૂતન ક્ષિતિજો અને સરળ કેડીઓનો નિર્દેશ કરી આપે છે.

સ્વાધ્યાય – જપ, ધ્યાન, સત્સંગ, વાચન અને શ્રવણ વગેરે ઘર, કુટુંબ, સમાજ, દેશ અને સમસ્ત વિશ્વના કલુષિત વાતાવરણને સાત્ત્વિક અને પવિત્ર બનાવે છે. સ્વાર્થી અને સંકુચિત વૃત્તિઓનો પરિહાર કરે છે.

વિશેષમાં સમગ્ર સ્વાધ્યાય પ્રવૃત્તિ એ સ્વયં જ્ઞાનપ્રાપ્તિનું પ્રેરક પરિબળ બની રહે છે. અર્થાત્ વ્યક્તિ સ્વયં શીખે છે, સમજે છે, શાણો પુરુષ તેનું દૃઢ આચરણ કરે છે ને એમ વ્યક્તિત્વ ને સમસ્ત અસ્તિત્વના સ્વાર્થી અને સંકુચિત વલણો-વૃત્તિઓનો પરિહાર કરી જીવન અને આધ્યાત્મિકતાનો નવો પ્રકાશ પ્રાપ્ત કરી શકે છે.

□

Scanned by CamScanner

# પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં...


એક દિવસ કેટલાંક ભાઈ-બહેનો પૂ. શાસ્ત્રીજીના સાન્નિધ્યમાં બેઠા હતા. ઈશ્વરની લીલાઓ અંગે ચર્ચાઓ થઈ રહી હતી. ત્યાં એક આગન્તુકે પ્રશ્ન કર્યો કે,

'પૂ. ગુરુદેવ, ૧૯૯૨ના એપ્રિલ માસના 'આધ્યાત્મિક કેડી'માં 'અભીપ્સાની અભિવ્યક્તિ' નો લેખ ખૂબ ગમ્યો. એમાં શ્રી રમેશભાઈએ જે જે બાબતો પરત્વે માર્ગદર્શન માગ્યું છે તે અંગે થોડી વાત કરો તો સૌને એમાંથી કંઈક પ્રેરણા મળે.'

પેલા આગન્તુક અને ઉપસ્થિત સૌ પ્રત્યુત્તરની અપેક્ષાએ પૂ. શ્રી સામે તાકી રહ્યા.

પૂ. ગુરુદેવે વાતનો દોર સાંધતાં કહ્યું :

"ભાઈ, મારી પાસે તો એક જ વાત છે ને તે એ કે, શ્રદ્ધા અને શરણાગતિપૂર્વક નિરપેક્ષ ભાવે મા ગાયત્રીને અથવા તમારા ઇષ્ટને અધીન બની જાવ અને મેં આપેલાં નવ સૂત્રોનો અમલ કરો."



એમ કહી પૂ. શ્રીએ તેમના ડાબા હાથ તરફની છત પર ઊંચે લટકાવેલા નવ સિદ્ધાંતોના પાટિયા તરફ નિર્દેશ કર્યો.

સૌ સ્તબ્ધ બની ગયા.

પૂ. શ્રીની આંખોમાં અને સમગ્ર ચહેરા પર એક અનેરી ચમક તરી આવી. તેમ છતાં પેલા આગન્તુકે ફરી એ લેખના અનુસન્ધાનમાં વિગતે માર્ગદર્શન આપવા નમ્ર ભાવે વિનંતી કરી.

થોડીક પળો શાસ્ત્રીજીની આંખો મિંચાઈ. તેમનું મસ્તક જરાક નમ્યું હોય તેમ લાગ્યું. પછી હિંચકાની બાજુમાં પડેલી ટ્રે તરફ હાથ લંબાવી 'આધ્યાત્મિક કેડી'નો અંક ખોલી તેનાં પાનાં ઉથલાવ્યાં અને પછી તરત અંક બંધ કરી ટ્રેમાં પાછો મૂકી દીધો. ગુરુદેવ કંઈક કહેવા તત્પર થયા હોય તેમ લાગતાં ઉપસ્થિત સૌ પોતપોતાની બેઠક પર ટટ્ટાર થયા.

પૂ.શ્રી એ એ લેખના અનુસન્ધાનમાં વાતની શરૂઆત કરતાં કહ્યું :

ભાઈ શ્રી રમેશભાઈએ પોતાના જન્મદિવસ નિમિત્તે કેટલીક આધ્યાત્મિક બાબતો પરત્વે માર્ગદર્શન માગ્યું છે એમાં જે મુદ્દાઓનો સમાવેશ થાય છે તે આ પ્રમાણે છે :

(૧) તિતિક્ષાવૃત્તિ, (૨) પ્રપત્તિભાવ, (૩) વિચારોનાં ધાડાં દૂર કરવાનો ઉપાય, (૪) સ્વભાવમાં પરિવર્તન, (૫) નિજાનન્દ અને સંતોષનું પ્રગટીકરણ, (૬) શેષ જીવન કેમ વિતાવવું, (૭) આહાર–વિહાર, (૮) પ્રમાદીપણું, (૯) કામમાં સંયમ, (૧૦) અધ્યાત્મ માર્ગમાં આગળ વધવા, અને (૧૧) પોતાને ગૌરવ લઈ શકાય તેવો શિષ્ય બનાવવા.

મારા અત્યાર સુધીનાં પુસ્તકો અને 'આધ્યાત્મિક કેડી'ના અંકોમાં આ અંગે મેં એક યા બીજી રીતે રજૂઆત કરી જ છે, જેનો સાર ગ્રહણ કરી શક્યા હો તો એમાંથી આ મુદ્દાઓ અંગે મોટે ભાગે વિશદતા પ્રાપ્ત થઈ શકશે. વળી આ તમામ મુદ્દાઓને અનુલક્ષીને એક જ વાત કહી શકાય કે શ્રદ્ધા, શરણાગતિ, નિરપેક્ષતા, સહનશીલતા અને ધીરજ કેળવાય તો ભૌતિક તેમ જ આધ્યાત્મિક રીતે પ્રગતિ થઈ શકે. પરંતુ ઘણીવાર મનુષ્ય એકલક્ષ્ય બનવાને બદલે પૃથક્ પૃથક્ બાબતો પરત્વે ધ્યાન કેન્દ્રિત કરવાથી આ પ્રકારના પ્રશ્નો મનમાં ઉદ્ભવે છે અને એનું નિરાકરણ મેળવવા ઝંખીએ છીએ, એનું નિરાકરણ કોઈ નસીબવંતાને જ પ્રાપ્ત થાય છે, તેથી તમારા સંતોષ, સમજણ અને માર્ગદર્શન માટે મારા સ્વાનુભવને આધારે કેટલીક વાતો કહેવાનું ઉચિત સમજું છું.

પ્રથમ મુદ્દો તિતિક્ષાવૃત્તિ અંગેનો છે. તે ક્યારે જાગે ?

મારી દષ્ટિએ મનુષ્યનું સમગ્ર ભૌતિક–આધ્યાત્મિક જીવન તેના પૂર્વનાં સદ્–અસદ્ કર્મો અનુસાર ઘડાય છે. વળી મનુષ્યની પ્રકૃતિ–સ્વભાવ પર પણ તે આધાર રાખે છે. તદુપરાંત તે સ્વ કેળવણી અને પુરુષાર્થ પર પણ નિર્ભર રહે છે. જીવન પ્રત્યે કેવો અભિગમ અને દષ્ટિ રાખો છો તે પણ મહત્ત્વનું બની રહે છે. આવાં અનેક પરિબળોનો વિચાર કરતાં એને આધારે જીવનમાં ભૌતિક અને આધ્યાત્મિક રીતે શું પ્રાપ્ત થાય કે નિર્માણ થાય તે વિશે કશો નિર્દેશ ન થઈ શકે.

અત્રે સૂચિત મુદ્દાના અનુસન્ધાનમાં કહું તો તિતિક્ષા એટલે શું તે સમજી લેવાની જરૂર છે. તિતિક્ષા એટલે તપશ્ચર્યા. માણસને તપ કરવાની ઇચ્છા ક્યારે જાગે ?



Scanned by CamScanner

['આધ્યાત્મિક કેડી'ના ૧૯૮૪ના જાન્યુઆરી માસના અંકમાં તપશ્ચર્યા અંગેનો લેખ પ્રગટ કર્યો હતો.]

માણસને તપ કરવાની ઇચ્છા ક્યારે જાગે, નથી જાગતી તો કેમ નથી જાગતી તે તો તેના જીવન પ્રત્યેના અભિગમ પર આધાર રાખે છે. એ અંગે કોઈ ચોક્કસ સમય કે તેના કાર્ય–કારણને ગણિત–ભૂમિતિના દાખલા–પ્રમેયો કે વિજ્ઞાનના કોઈ સિદ્ધાંતની જેમ સમજાવી ન શકાય. જીવન પ્રત્યે સાત્ત્વિક અભિગમ, શાશ્વત તરફ અભિરુચિ હોય તો આપોઆપ માનસ એ તરફ વળે છે. તે માટે ઇષ્ટ પ્રત્યે સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિની પણ જરૂર રહે છે. એથી યે વિશેષ જીવનના તમામ વ્યવહારો પ્રત્યે નિઃસ્વાર્થ દૃષ્ટિ, સેવા ભાવના અને તટસ્થ અભિગમ કેળવાય, ધીરજ અને સહનશીલતાને આત્મસાત્ કરી હોય તો જીવનપથના વિભિન્ન ક્ષેત્રે, વિવિધ તબક્કાએ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુઓ નીપજતાં રહે છે. જીવનના સમ–વિષમ સંજોગોમાં જે આધ્યાત્મિક દૃષ્ટિબિન્દુઓ નિષ્પન્ન થાય છે તે તિતિક્ષા જગાડે છે, તિતિક્ષાને અભિમુખ બનાવે છે, એ જ રેખા પર ક્રમશઃ આગળ વધવા પ્રેરે છે.

તિતિક્ષાવૃત્તિ કે ભાવ અંદરથી જ ઊગે છે, અને ઊગવો જોઈએ. એ માટે કોઈ બાહ્ય આયાસ ન કરી શકાય. જીવન પ્રત્યે કર્તવ્યનિષ્ઠ બની, પરમ સત્ય તરફ શ્રદ્ધેય બની તટસ્થ ભાવે, નિરપેક્ષ દૃષ્ટિએ જીવનમાર્ગમાં ગતિ કરતાં જઈએ તો તિતિક્ષાવૃત્તિ આપોઆપ ઉદ્‌ભવે છે.

ભાઈ રમેશ અને એની સાથે તમને સૌને તિતિક્ષાવૃત્તિ કેમ જાગતી નથી? ક્યારે જાગે? એવા જે વિચારો ઉદ્‌ભવ્યા તે તિતિક્ષાવૃત્તિના ઉદ્‌ભવનો એક અંશ – એક અંકુર છે. પોતાની જાતના ઉદ્ધાર માટે, આત્માની ઉન્નતિ માટે તમે સૌ સજાગ અને સભાન બન્યા છો ને તેથી જ તમને આવી આધ્યાત્મિક બાબતોમાં રસ જાગ્યો છે તે મારા માટે ઘણા આનંદનો વિષય છે. પરંતુ એ સાથે એક સૂચન પણ કરી લઉં કે, તિતિક્ષાવૃત્તિ જાગે છે કે નહિ? કેમ નથી જાગતી? ક્યારે જાગશે? એ જાણીને શું કામ છે? એ જાણવાથી શો ફાયદો? મેં તમને જે માર્ગ દર્શાવ્યો છે તે તરફ તમે આગળ વધ્યે જાવ, બાકીનું મને સોંપી દો. હું બધું સંભાળી લઈશ. તમે શીદને ચિંતા કરો છો?

આપણી આ ચર્ચામાં અને તિતિક્ષાવૃત્તિના અનુસંધાનમાં જે મુદ્દો ઉપસ્થિત થાય છે તે **પ્રપત્તિભાવ. પ્રપત્તિ એટલે શરણાગતિ.** સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ વિના તિતિક્ષા ક્યાંથી ઉદ્‌ભવે? શ્રદ્ધા અને શરણાગતિ તો સમસ્ત આધ્યાત્મિકતાનો પાયો છે. મારા 'શરણાગતિ' નામના પુસ્તકમાં મેં વિગતે ચર્ચા કરી જ છે. ઉપરાંત અવારનવાર હું શરણાગતિ વિશે કહેતો જ રહું છું. શરણાગતિનો ભાવ કેળવવા પણ મનુષ્યે જાતે જ પ્રયત્ન કરવો પડે છે. ઈશ્વરને–ઈષ્ટને અધીન બની એના ભરોસે નિશ્ચિંત બની સઘળું તેના હાથમાં સોંપી દેવામાં આવે તો શરણાગતિનો ભાવ ઉદ્‌ભવ્યા વિના રહેતો નથી. શરણાગતિ એ એક ભાવપ્રવર્તન છે, મનોપ્રક્રિયા છે. ઈશ્વરની શક્તિમાં અભિરુચિ, રસ અને વિશ્વાસ જાગ્યા વિના, એ શક્તિના સમસ્ત વિશ્વ પર પ્રવર્તનથી અભિજ્ઞ થયા વિના, અભિભૂત–પ્રભાવક બન્યા વિના, તેના આધિપત્યનો સ્વીકાર કર્યા વિના શરણાગતિ ઉદ્‌ભવતી નથી એમ હું માનું છું.

જ્યારે કોઈ પણ ભૌતિક કે આધ્યાત્મિક કારણોસર તમારા દેવસ્થાનમાં–પૂજાસ્થાન કે ખંડમાં ઈષ્ટની કે મા ગાયત્રીની છબી સામે બે હાથ જોડી આંખો બંધ કરી, મસ્તક નમાવી, વિચારોના વમળમાં કે વિચારશૂન્ય કે ભાવહીન દશામાં કશું પણ કહ્યા વિના કે આત્મનિવેદન કરી ઊભા રહેશો, અથવા અન્ય કોઈ પણ જગાએ, કોઈ પણ અવસ્થામાં કેવળ ઈષ્ટનું સ્મરણ કરશો તો શરણાગતિનો ભાવ



Scanned by CamScanner

પ્રાદુર્ભાવ પામતો આપોઆપ અનુભવી શકશો. તમારું મન સ્વયં તેને વશ થઈ જશે. ઈશ્વરને વશ થઈ જવાનો ભાવ, સમસ્ત મનોપ્રક્રિયા એ શરણાગતિ છે. વ્યક્તિએ પોતાના મન અને સમસ્ત અસ્તિત્વને ઈશ્વર પ્રત્યેના પ્રેમ, તેની સત્તાના સામર્થ્યનો સ્વીકાર કરવાથી, ઈશ્વરના સામર્થ્યનો ખ્યાલ કરવા કે રાખવા માત્રથી પણ શરણાગતિ ઉદ્‌ભવી શકે છે. તેમ છતાં શરણાગતિના ભાવને હાંસલ કરવો ખૂબ દુષ્કર છે. પણ એક વાર શરણાગતિનો ભાવ હાંસલ કરવાથી પરમ તત્ત્વની પ્રાપ્તિનાં દ્વાર આપોઆપ ખુલી શકે છે.

વિચારો દૂર કરવા માટે તો 'આધ્યાત્મિક કેડી'ના અંકોમાં તેમ જ મારાં પુસ્તકોમાં વિગતે ચર્ચા કરી ચૂક્યો છું એટલે એની ચર્ચામાં ઊતરવાનો અત્રે અવકાશ નથી. વિચારોના નિયંત્રણ માટે, ચિત્તની એકાગ્રતા માટે તો સિદ્ધપુરુષોને પણ મુશ્કેલી પડે છે. આથી વિચારોની સાથે પણ જપ, ધ્યાન, સ્મરણ ચાલુ જ રાખવાં જોઈએ.

આત્મપૃથક્કરણ અને આત્મવિશ્લેષણ દ્વારા સ્વભાવગત–પ્રકૃતિગત દોષો શોધીને એને દૂર કરવા પોતે જ પ્રયત્ન કરવો જોઈએ. એ દોષો શોધી મનને સાચી દિશામાં કેળવવાથી ક્રમશઃ સ્વભાવનું પરિવર્તન કરી શકાય છે.

નિજાનન્દ અને સંતોષ અંતરની શ્રદ્ધા અને સમ્પૂર્ણ શરણાગતિ હોય તો જ ઉદ્‌ભવી શકે. વ્યક્તિની નિખાલસતા અને હસમુખો સ્વભાવ, સાથે ઇષ્ટની નિરંતર ઉપાસના, દૃઢ શ્રદ્ધા અને અનન્ય શરણાગતિ તેમ જ નિરપેક્ષ ભાવના નિજાનન્દની મસ્તીનો અનુભવ કરાવે છે. સંતોષનું પ્રગટીકરણ મનુષ્યના સ્વભાવ પર વિશેષ આધાર રાખે છે.

વ્યક્તિએ પોતાના સમગ્ર જીવનકાળ દરમ્યાન પોતાનું ધ્યેય, જીવનનો અભિગમ સ્પષ્ટપણે નક્કી કરી લેવા જોઈએ ને એ મુજબ શેષ જીવન વીતાવવું જોઈએ. જ્યારથી ક્ષણિક અને શાશ્વતનો ભેદ સમજાયો, ઈશ્વરના અસ્તિત્વની પ્રતીતિ થઈ ત્યારથી મન, વચન અને કર્મથી પવિત્ર રહીને, નીતિ–પ્રમાણિકતાનાં મૂલ્યોનો સ્વીકાર કરી, તે મૂલ્યોમાં પણ શ્રદ્ધા સેવી, ઈષ્ટના આશ્રયે શ્રદ્ધાપૂર્વક, નિષ્કામ ભાવે, ખુમારીથી સમગ્ર શેષ જીવન વ્યતીત કરવા વ્યક્તિએ કટિબદ્ધ બનવું જોઈએ. જીવનમાં સંજોગોવશાત્ આવેલી સ્વચ્છંદતા, અનૈતિકતા, અપ્રમાણિકતા તરફથી પ્રયત્નપૂર્વક જીવનને સન્માર્ગે વાળવા તત્પર થવું જરૂરી સમજું છું. જીવનનું પરિવર્તન શક્ય ને સંભવિત છે એ ભૂલવું ન જોઈએ. એ માટે સદા પ્રયત્નશીલ રહેવાની જ જરૂર છે.

વ્યક્તિએ જીવનમાં આહાર–વિહાર અંગે ખૂબ કાળજી રાખવાની અને સચેત રહેવાની જરૂર છે. અન્ન તેવો ઓડકાર તે ઉક્તિ અનુસાર ઘરમાં બનાવેલો સાત્ત્વિક ખોરાક ખાવો. હોટેલનું–લારીઓ પરનું ખાવા–પીવાનું છોડી દેવું જરૂરી છે. વાનગી બનાવનાર વ્યક્તિના સંસ્કાર, આચાર, વિચાર અને મનના ભાવોનાં સ્પંદનો વાનગીમાં ઊતરે છે ને તે વાનગી આરોગનાર તમામને અસર કરે છે. સદ્‌વિચાર, સદાચાર અને સદ્‌ભાવથી બનાવેલી વાનગી મનુષ્યના સમસ્ત અસ્તિત્વ, વ્યક્તિત્વ, શરીર અને મન પર તેનો પ્રભાવ પાથરે છે અને જીવનના સાત્ત્વિક અભિગમને પુષ્ટિ અને બળ આપે છે. તે જ રીતે મનને શાંતિ અને આનંદ આપે તેવી જગાએ જવું જોઈએ.



[ આધ્યાત્મિક કેડી, જુલાઈ, '૯૨

Scanned by CamScanner

પ્રમાદને દૂર કરવા વ્યક્તિએ સ્વયં શિસ્ત કેળવવાની જરૂર છે. પોતાની પ્રમાદી વૃત્તિઓને શોધી શોધી તેનું નિયંત્રણ કેળવવા વ્યક્તિએ જાતે જ પ્રયત્ન કરવો પડે છે.

'કામ' અંગે આધ્યાત્મિક કેડીના ૧૯૮૮ના ઑક્ટોબરના અંકમાં હું વિગતે ચર્ચા કરી ગયો છું. કામના નિયંત્રણ માટે દૃઢ મનોબળ, સંકલ્પ અને આત્મસ્ફુરણા જરૂરી છે. પોતાના કામાવેગોને મનુષ્ય પોતે જ પ્રયત્નપૂર્વક ખાળી શકે છે. સદ્‌ગ્રંથોનું વાચન અને સત્સંગ, ઈશ્વર પ્રાર્થના, જપ – કામાવેગોને સંયત કરી શકે છે. આપણે સૌ મનુષ્યો સંસારમાં રહ્યાં છીએ, સ્ત્રી–પુરુષ, પતિ–પત્નીના સંબંધથી બંધાયાં છીએ એટલે કામવ્યવહાર તેના સ્વાભાવિક રૂપમાં થતો રહે છે, ને રહેશે. વળી એ યૌવન – સહજ આવેગ છે તેથી તેને એકદમ ત્વરાથી ખાળી નહિ શકાય. કોઈ ખાસ કારણ વિના બળજબરીથી ખાળવાની જરૂર નથી. અધ્યાત્મ માર્ગે વળેલાં કે વળવા ઇચ્છતાં સ્ત્રી–પુરુષો યુવાન વયમાં પોતાના જીવન-સાથીને સંયમના ઓઠા હેઠળ, ઈશ્વર કૃપાની અનુભૂતિ કરવાના મિષે નિરાશ કરે તે હું ઉચિત સમજતો નથી. સમ્પૂર્ણ સ્વસ્થ અને સંતોષી કામોપભોગ સમયાન્તરે સહજભાવે જ સંયમનું નિર્માણ કરે છે, કામ એ ઈશ્વર, સર્જિત મનો–શારીરિક પ્રક્રિયા છે, સહજ છે, સ્વાભાવિક છે. એને બળપૂર્વક સંયત કરવા જશો તો તે બમણા વેગે ઉદ્‌ભવે છે, પરંતુ એનો સહજ ભાવે ઉપભોગ કરવાથી, ઇષ્ટની સમ્પૂર્ણ શ્રદ્ધા શરણાગતિપૂર્વકની નિરંતર ઉપાસના દ્વારા તે આપોઆપ સમયાન્તરે સંયત બની શકે છે.

કોઈ પણ યુવાન દંપતી એવું ન માની બેસે કે અમે ઉપાસના માર્ગે વળ્યાં છીએ એટલે અમારે બ્રહ્મચર્ય કેળવવું જોઈએ. આ માન્યતા ભૂલભરેલી છે, જીવનસાથી પ્રત્યે એ એક બેદરકારી અને ઉપેક્ષા જ લેખાશે. ઘરની લક્ષ્મીને કે તમે જેને પોતાનું સર્વસ્વ માનો છો અને જેને સર્વસ્વ અર્પણ કર્યું છે એવા પરમેશ્વર ગણાતા તમારા પતિને કામના સંયમના ઓઠા હેઠળ પ્રેમ, લાગણી, હૂંફ અને આત્મી-યતાથી વંચિત રાખો તે ઉચિત સમજતો નથી.

એમાં પણ ઈશ્વરની શક્તિનાં–લીલાનાં દર્શન કરો. અને પછી જપ–ધ્યાન કરો, ચોક્કસ તમને દિવ્ય અને અલૌકિક અનુભૂતિ થઈ શકશે. માનસિક શાંતિ અને સ્વસ્થતા પ્રાપ્ત થશે. પતિ–પત્ની એકમેક પ્રત્યે વધુ પ્રેમાળ બની શકશે. તમારું દામ્પત્ય સંવાદી ને સુમેળભર્યું બનશે. તમે શરીર અને મનથી તંદુરસ્ત અને સંસ્કારી પેઢીનું નિર્માણ કરી શકશો.

પરંતુ મારે તમને સૌથી પહેલો પ્રશ્ન પૂછવો જોઈતો હતો કે તમારે શા માટે કામમાં સંયમ પ્રાપ્ત કરવાની જરૂર ઊભી થઈ? તમને કેમ એવો વિચાર ઉદ્‌ભવ્યો? માનાં ચરણમાં ને શરણમાં બધું સોંપી દો. તે યોગ્ય તે કરશે. તમને શી ચિંતા?

મનુષ્ય એક વાર ચાલવાનું શરૂ કરે અને ક્યાંય વચ્ચે અટકે નહિ તો તે નિશ્ચે તેના ગન્તવ્યસ્થાન પર પહોંચવાનો જ છે. તમે મારા આદેશથી જે માર્ગે ચાલવા માંડ્યું છે તો તે આદેશને શ્રદ્ધા અને શરણાગતિપૂર્વક વળગી રહેશો અને વચ્ચે ક્યાંય ગમે ત્યારે, ગમે તે સંજોગોમાં, ગમે તે ભોગે અટકશો નહિ તો આગળ વધતા જ રહેવાના છો, ને વધશો. માટે જે માર્ગ ગ્રહણ કર્યો છે તે માર્ગે ચાલ્યા જ કરજો, ચાલ્યા જ કરો. થાકી જાવ તો ગતિ ધીમી અવશ્ય કરજો, પણ શ્રદ્ધા અને શરણાગતિનો માર્ગ બદલશો નહિ, થાકી જાવ, ચરણ ચાલવાની ના પાડે ત્યારે માને સમસ્ત અસ્તિત્વના બળે એટલા બળથી પોકારજો. તેનાં પુનિત ચરણોમાં માથું મૂકી વિસામો લેવાનું જરૂર પસંદ કરજો, પણ અટકવાનું નામ



Scanned by CamScanner

ન સેશો. ખૂબ લાંબી નજર ન દોડાવશો કે જેથી લાંબી મંઝિલ જોઈને જ ડરી જવાય ને હામ ભાંગી જવાય. ધ્યેયની ક્ષિતિજોને ધીમે ધીમે ઊઘડવા દેજો. તમારી શક્તિનું માપ મેળવીને ચાલજો, તમારી હેસિયત સમજી-વિચારીને ચાલજો, તમારો માર્ગ જરૂર મોકળો બનશે, માર્ગ મોકળો થતો હોવાની પ્રતીતિ પણ થશે. આત્મપ્રતીતિપૂર્વક જે કાર્ય થાય છે તેમાં અવશ્ય સફળતા પ્રાપ્ત થાય છે તે નિઃશંક છે.

જીવનનું પ્રત્યેક કાર્ય પ્રભુની પ્રીતિ અને પ્રસન્નતા માટે કરવામાં આવે તેમ જ ગુરુના તમામ આદેશો-સૂચનોનો અમલ કરવામાં આવે તો તે શિષ્ય-શરણાગત ઈશ્વરને-ગુરુને વિશેષ પ્રિય બની શકે છે.

મિતભાષી શાસ્ત્રીજીના શ્રીમુખેથી ધાણી ફૂટે એમ પૂ. શ્રીના મુખેથી એક પછી એક શબ્દો ફૂટી રહ્યા હતા. મિતભાષી શાસ્ત્રીજી જ્યારે મુખર બને છે ત્યારે જ્ઞાનનો એક અફાટ સમુદ્ર ઘૂઘવી ઊઠે છે. એ જ્ઞાનના સમુદ્રનું એક જ મોજું સેંકડો વ્યક્તિઓને ભીંજવી જાય છે ને શાતાનો અનુભવ કરાવે છે. પૂ. શ્રીના આવા ગહન ને હૃદયસ્પર્શી જ્ઞાનથી મન એક અનોખા પ્રકારની શાતા, સભરતા ને આત્મીયતાનો અનુભવ કરતું હતું.

સાયંકાળના સમૂહ મંત્રજપ અને સ્તુતિ આરતીએ એ સભરતા, આત્મીયતા ને શાતામાં ઓર વધારો કર્યો.

□

Scanned by CamScanner

# અમૃતનું આચમન

કાન્તિલાલ કાલાણી

કહે છે એક કિશોરી એક વજનદાર છોકરાને ઊંચકી જઈ રહી હતી. વટેમાર્ગુની નજર તેના પર પડી એટલે તેણે તે છોકરીને કહ્યું : બેટી, આટલો ભારે શરીરનો છોકરો તારાથી શી રીતે ઊંચકાય છે? તું થાકીને લોથપોથ થઈ જઈશ. એને નીચે ઊતારી મૂક. એ ચાલવા જેવડો છે.

છોકરી સમજુ અને વિવેકી હતી. વટેમાર્ગુ ઠપકાની રીતે કાંઈ કહેતો નહોતો તેનો તેને ખ્યાલ હતો. તેણે જેને તેડયો હતો એ તદ્દન નાનો અને ચાલી શકે એવો નહોતો એવું પણ નહોતું. એક રીતે વટેમાર્ગુની વાત બરાબર હતી. એટલે તેણે પેલા વટેમાર્ગુને વિવેકપૂર્વક કહ્યું : ના, મને એનો સહેજ પણ ભાર નથી લાગતો. આ મારો ભાઈ છે. ભાઈનો ભાર કોઈને લાગતો હશે?

વટેમાર્ગુ કાંઈ પણ બોલ્યા વિના ચાલતો થયો. તેને થયું, છોકરીએ ભલે 'ભાઈ' શબ્દ પ્રયોજ્યો. પણ વાસ્તવમાં જ્યાં સાચો પ્રેમ છે ત્યાં કદી ભાર વર્તાતો નથી, ત્યાં વિકલ્પ આવતો નથી. હૃદય અને બુદ્ધિ વચ્ચે આ ભેદ છે.

મનુષ્ય મોટે ભાગે બુદ્ધિને કેન્દ્રમાં રાખીને વિચારે છે, બોલે છે અને તે જ રીતે આચરણ કરે છે. બુદ્ધિના ગુણપક્ષે ઘણું છે. તેનામાં સંચાલન અથવા વ્યવસ્થા કરવાની શકિત છે. ખરું–ખોટું પારખવાની આવડત છે. પોતાની પાસે હોય તેના કરતાં તે વિશેષ બતાવી શકે છે. તર્ક અને દલીલો કરી શકે છે. પોતે જેની સાથે જોડાયેલી છે તેના નામ–રૂપનો મહિમા કેમ વધારવો તેની પાસે જાણકારી છે, માન–સન્માન કેમ મેળવવું તે તેને આવડે છે; તે સંશોધન કરી શકે છે. જ્યાં સમાધાન કરવા જેવું હોય ત્યાં સમાધાન કરી લે છે, જે યાદ રાખવું હોય તે યાદ રાખી શકે છે. આમ, બુદ્ધિનું જમાપાસું નોંધપાત્ર છે.

બુદ્ધિ સવળી ચાલે તો તે ઘણી ઉપયોગી છે. પણ તે અવળચંડી બની શકે છે; તેનામાં સ્વાર્થ પ્રવેશી શકે છે; તે સંકુચિત બની શકે છે; તે કુતર્ક કે સંશય કરી શકે છે; તેનામાં વિસ્મૃતિ રહેલી છે. તેને દંભ અને પ્રયુક્તિઓ આવડે છે, તે માન્યતાઓની ગાંઠો વાળી લે છે; તે છળ–કપટ જાણે છે; લાલચમાં સપડાઈ જાય છે; ભવિષ્ય અંગે ઉપાધિઓ કરવામાં તે પાવરધી છે.

જ્યાં સ્વાર્થ છે, સંશય છે, સંકુચિતતા અને લાલચ છે ત્યાં પ્રેમ ક્યાંથી સંભવી શકે? જ્યાં દંભ અને ઔપચારિકતા છે ત્યાં પ્રેમની હાજરી કઈ રીતે હોઈ શકે? પ્રેમ હોય ત્યાં બધી ગણતરીઓ ખાખ થઈ જતી હોય છે; ત્યાં લૌકિક વ્યવહાર પણ વિદાય લઈ લે છે. આ બાબતમાં શ્રીરામકૃષ્ણ પરમહંસ જીવતું ઉદાહરણ છે.

શ્રીરામકૃષ્ણ પરમહંસ વિશે એવું નોંધાયું છે કે તેઓ કાલી માતાની પૂજા કરતા. પણ એ પૂજા અન્ય પૂજારીઓ જેવી નહોતી. પણ અનોખી પૂજા હતી. કાલીનું મંદિર રાણી રાસમણિએ બનાવ્યું હતું. તે પોતે શુદ્ર હતી એટલે મંદિરની પૂજા કરવા કોઈ બ્રાહ્મણ પૂજારીની જરૂર હતી. શુદ્ર સ્ત્રીએ બંધાવેલા મંદિરમાં સેવા–પૂજા કરવા કયો બ્રાહ્મણ તૈયાર થાય? તે સમયે લોકો એમ માનતા કે શુદ્રે બનાવેલું મંદિર પણ અશુદ્ધ થઈ જાય છે! તેમને એવો વિચાર નહોતો આવતો કે પરમાત્મા અથવા



Scanned by CamScanner

તેમની શક્તિઓ કદી અશુદ્ધ ન થઈ શકે. રાણી રાસમણિ પૂજારીને મોં માગ્યો પગાર આપવા તૈયાર હતી. પણ કોઈ બ્રાહ્મણ તૈયાર થતો નહોતો.

મંદિર અતિ સુંદર હતું. તે દક્ષિણેશ્વર તરીકે ઓળખાતું મંદિર બંધાયું ત્યારે રામકૃષ્ણ તેમના વતનમાં હતા. તેમને કાને વાત પહોંચી કે કલકત્તામાં સરસ મંદિર થયું છે. પણ શુદ્ર સ્ત્રીએ બાંધ્યું છે એટલે કોઈ પૂજારી કાળી માતાની પૂજા કરવા તૈયાર નથી! રામકૃષ્ણને થયું, મંદિર ભલે ગમે તેણે બંધાવ્યું હોય. પણ એમાં બેઠાં છે સ્વયં કાળી માતા. માતાની સેવા–પૂજા ન થાય એ કેમ ચાલે? એટલે તેઓ કલકત્તા પહોંચી ગયા અને રાણી રાસમણિ અને મંદિરના ટ્રસ્ટીઓને કહ્યું: હું પૂજારી તરીકે રહેવા તૈયાર છું.

પેલા ટ્રસ્ટીઓએ પૂછ્યું: શું પગાર લેશો? રામકૃષ્ણને જબરું આશ્ચર્ય થયું. પૂજા એટલે પૂજા. પૂજા કરનારને કોઈ પગાર હોતો હશે? માની સેવા માટે પૈસા લેવાના? સૌને અચંબો થયો. અત્યાર સુધી પૂજારી થવા કોઈ બ્રાહ્મણ તૈયાર નહોતો અને આ બ્રાહ્મણ કશું લીધા વિના સેવા–પૂજા કરવા તત્પર હતો! તો પણ તેમને ખ્યાલ ન આવ્યો કે આ વ્યક્તિ કોઈ સાધારણ મનુષ્ય નથી. ટ્રસ્ટીઓએ કહ્યું: તમે પગાર લો કે ન લો. અમે નિયમ પ્રમાણે પગાર તો આપીશું.

રામકૃષ્ણ પરમહંસ નિયમ બહારના મનુષ્ય હતા. તદ્દન અલગારી માણસ હતા. મન થાય ત્યારે પૂજા કરે. પૂજા કરે ત્યારે સમયની મર્યાદા નહીં. કલાકો સુધી પૂજા ચાલ્યા કરે; ન કરે ત્યારે એક–બે દિવસ એમ ને એમ ચાલ્યા જાય! રાણી રાસમણિએ આ બધું જાણ્યું હશે પણ શું કરે? તેમને કાઢી મૂકે તો બીજો પૂજારી ક્યાંથી મેળવવો? અહીંથી વાત અટકી હોત તો વાંધો નહોતો. પછી રાસમણિને જાણ થઈ કે મંદિરમાં માતાને જે ભોગ ધરવામાં આવે છે, તે ધરાવ્યા પહેલાં જ પૂજારી ચાખે છે. બધું એઠું કરીને માતાને ધરે છે.

---

**પ્રેમ હોય ત્યાં બધી ગણતરીઓ ખાખ થઈ જતી હોય છે, ત્યાં લૌકિક વ્યવહાર પણ વિદાય લઈ લે છે.**

*

**આ પૃથ્વી પર પ્રેમ જ પરમાત્માનું સ્વરૂપ છે. જે પ્રેમનો સાંગોપાંગ અનુભવ કરે છે તેને પરમાત્માની અનુભૂતિ થયા વિના રહેતી નથી.**

---

રાસમણિએ એમની સમક્ષ ફરિયાદ કરી કે તમે માતાને ધરાવતા પહેલાં જ ભોગ ચાખી લો છો તે બરાબર નથી. રામકૃષ્ણે કહ્યું: પોતે બરાબર જ કરે છે. મારી માતા પ્રથમ ભોજન ચાખી લેતી અને પછી જ મને આપતી. ભોજન બરાબર થયું છે કે નહીં તેની એમ ને એમ કેવી રીતે ખબર પડે? મને આનંદ પડશે તેમ હું કરીશ. તમને ન ફાવતું હોય તો મને રવાના કરી દો.

તેઓ ક્યારેક મંદિરમાં જ સૂઈ જતા અને સૂવાનો ઢંગ પણ કેવો! માતાજી સામે પગ રાખીને સૂવે! ક્યારેક પોતે પહેરેલાં વસ્ત્રો કાઢીને ફેંકી દેતા; કોઈ બ્રાહ્મણ કદી જનોઈ ન ઊતારે તે જનોઈ પણ ફગાવી દેવામાં સંકોચ ન અનુભવતા.

તેમનો કાળી પ્રત્યેનો પ્રેમ અસામાન્ય અને બેનમૂન હતો. જગત તેમના આ અભૂતપૂર્વ પ્રેમને ઓળખવા શક્તિમાન નહોતું. જે પરાક્રમ કોઈ પણ પૂજારી ન કરી શકે તેવું પરાક્રમ માતાના પરમ



[ આધ્યાત્મિક કેડી, જુલાઈ, '૯૨

Scanned by CamScanner

પ્રેમી પૂજારીએ કર્યું હતું. તેમનું જીવનચરિત્ર લખનાર મહા માનવ રોમેરોલાંએ રામકૃષ્ણના શબ્દોમાં જ એક મહાન ઘટના નોંધી છે : એક દિવસ મારું હૃદય અસહ્ય વેદનાથી ચિરાઈ જવા લાગ્યું. ભીના ટુવાલને નિચોવવામાં આવે એમ મારું હૃદય નિચોવાતું હોય તેવો ભાસ થયો. મને જાણે ચૂંથો ઓકાતી હોય એવું દર્દ થતું. મને દેવીના આ દર્શનનો લાભ કદી નહીં મળે એ વિચારથી મારામાં ભયંકર બેચેની આવી ગઈ. મને મનમાં થયું કે એમ જ બનવાનું હોય તો આ જિંદગીને છેલ્લા રામરામ કરવા ઘટે છે! કાળીના નિજમંદિરમાં એક તલવાર લટકતી હતી. મારી નજર તેના પર પડી અને વીજળીના ચમકારાની પેઠે એક વિચાર મનમાં ઝબૂકી ઊઠ્યો : 'તલવાર ! એ મને જીવનનો અંત આણવામાં મદદ કરશે.' હું કૂદીને ત્યાં ગયો, ને પાગલની પેઠે ઝડપ મારી મેં તલવાર હાથમાં લીધી... અને અહાહા ! એ અજબ દેખાવ, બારણાં બારીઓ ને ખુદ મંદિર સુદ્ધાં બધું જ અલોપ થઈ ગયું. કોઈ પણ વસ્તુ જાણે હસ્તીમાં ન રહી હોય તેવો ભાસ થયો. તેને બદલે મેં ચૈતન્યનો અપાર, અમર્યાદ, ઝગારા મારતો મહાસાગર જોયો. મેં જે જે દિશામાં નજર ફેરવી ત્યાં બધે પ્રચંડ તેજનાં મોજાં ઊંચે આવતાં હતાં. તે જાણે મને ગળી જવા આવતાં હોય એમ તેમણે ઘોર ગર્જના કરી મને નીચે પટકી દીધો. એક પળમાં તો તે મારી ઉપર ફરી વળ્યાં. તેમણે મારી ઉપર પછાડ ખાધી, ને મને દબાવી દઈ ચોમેરથી ઘેરી લીધો. હું ગૂંગળાયો. મારું ભાન જતું રહ્યું. ને હું પડી ગયો. એ દિવસ તેમ જ તે પછીનો દિવસ મેં કેવી રીતે પસાર કર્યો તે હું જાણતો નથી. મારી આસપાસ અવર્ણનીય આનંદનો મહોદધિ ઊછળતો હતો અને મારા અંતરના ઊંડે ઊંડાણમાં મને એવું ભાન હતું કે હું જાણે માતાના સાન્નિધ્યમાં છું.

કાળી માતા પ્રત્યેના અલૌકિક પ્રેમને કારણે તેમને માતાના સર્વવ્યાપી સાન્નિધ્યનું જ્ઞાન થયું અને થાય જ ને! માતાની અનુભૂતિ માટે આવી રીતે કોણે તલવાર ઉપાડી છે? માતાના આવા પરમ પ્રેમી કોઈ ચોકઠામાં બંધાય ખરા? ચીલાચાલુ માર્ગે ચાલે ખરા? તેમને સેવા-પૂજાનો કદી ભાર લાગે ખરો?

પ્રેમમાં બીજાપણાનો ભાવ રહેતો નથી. પ્રેમ અદ્વૈતનું જ સ્વરૂપ છે. હું અને મારાપણાનો ભાવ રહે ત્યાં પ્રેમ સંભવતો નથી. શરીરભાવની દેહભાવની હાજરી હોય ત્યાં પ્રેમ સંભવતો નથી. શરીરભાવની-દેહભાવની હાજરી હોય ત્યાં પ્રેમનું પ્રગટીકરણ થતું નથી. વર્ષો પહેલાં એક પ્રસંગ વાંચેલો :

પારસી કુટુંબમાં એક નવ વર્ષની છોકરી હતી. તેને બે નાના ભાઈ હતા. એક દિવસ તેના ભાઈ પર સળગતો દીવો પડ્યો અને તે ખૂબ જ દાઝી ગયો. ડૉક્ટરોએ તેને તપાસી કહી દીધું કે છોકરો બચી શકે તેમ નથી. પણ એક ડૉક્ટરે એવો અભિપ્રાય આપ્યો કે જો કોઈના હાથની જીવંત ચામડી મળે તો એની બળી ગયેલી ચામડી પર લગાડી દેવાય. તેમ થઈ શકે તો આ છોકરો બચી જાય.

તેની બહેને આ વાત સાંભળી તેણે ડૉક્ટરને કહ્યું : મારી ચામડી લઈ લો અને મારા ભાઈને બચાવી લો.

ડૉક્ટરે તૈયારી બતાવી, ક્લોરોફોર્મ સુંઘાડવાનું કહ્યું ત્યારે તેણે કહ્યું : ડૉક્ટર મને બેહોશ કરશો નહિ. એમ ને એમ ચામડી ઉતારી લો. મારા મોંમાંથી અવાજ સરખો નહિ નીકળે. એ છોકરી મૂંગી ઊભી રહી. તેનો ભાઈ બચી ગયો અને અમુક સમય પછી છોકરીને પણ મટી ગયું.

શીરીં-ફરહાદ કે લયલા-મજનૂના પ્રેમને કોણ નથી જાણતું?

જલાલદ્દીન રૂમીએ પ્રિયતમાનો એક પ્રસંગ નોંધ્યો છે. એક પ્રિયતમ પ્રિયતમાના દ્વાર પર જાય છે અને ટકોરા મારે છે. અંદરથી અવાજ આવે છે: 'કોણ છે ત્યાં ?'

તેણે ઉત્તર આપ્યો : હું છું.

અવાજે કહ્યું : અહીં મારે માટે અને તારે માટે જગ્યા નથી. એમ કહી બારણું બંધ કરી દીધું.

એક વર્ષના એકાંતવાસ અને વિયોગ પછી આ માણસ પ્રિયતમાને દરવાજે પાછો આવ્યો. તેણે બારણે ટકોરા માર્યા.

અંદરથી પ્રિયતમાએ પૂછ્યું : કોણ છે ત્યાં ?

પુરુષે કહ્યું : 'તે તું છે.'

તેને માટે બારણું ખુલી ગયું.

પ્રસંગ અસામાન્ય છે. પ્રેમીઓનાં શરીર ભલે બે હોય પણ અસ્તિત્વ એક જ. સંત કબીરે કહ્યું છે કે, પ્રેમની ગલી ખૂબ સાંકડી છે. તેમાં હું અને હરિ સાથે રહી શકતા નથી. ત્યાં 'હું'નો હરિમાં સમાવેશ થઈ જાય છે. એમ પ્રિયતમ અને પ્રિયતમા બે હોય ત્યાં સુધી અદ્વૈત સિદ્ધ થતું નથી. બીજી રીતે કહીએ તો જુદાપણાનો તદ્દન આછો-પાતળો ભાવ પણ અસ્તિત્વ ધરાવતો નથી. જ્યાં જુદાપણાનો ભાવ છે ત્યાં બોજો વર્તાય છે. અધૂરપ જણાય છે. અસંતોષ અને હતાશા ઊપસી આવે છે. એટલે જ્યાં નિર્દોષતા છે, સરળતા છે ત્યાં પ્રેમનો છોડ પાંગરે છે. પેલી છોકરી નિર્દોષ અને સરળ હતી એટલે તેને ભાઈ માટે સહેજે પ્રેમ જાગે છે. શ્રીરામકૃષ્ણને મહાકાલી માટે અપાર પ્રેમ છે. ખરેખર તો આ પૃથ્વી પર પ્રેમ જ પરમાત્માનું સ્વરૂપ છે. જે પ્રેમનો સાંગોપાંગ અનુભવ કરે છે તેને પરમાત્માની અનુભૂતિ થયા વિના રહેતી નથી.

□

Scanned by CamScanner

# 'એ કાળી વાદળીને પણ પી જઈશ...

લોક સેવાના કાર્ય અર્થે અમેરિકા જવાના દિવસો નજીક આવી રહ્યા હતા. પૂ. ગુરુદેવના મુલાકાતીઓનો ધસારો વધતો જતો હતો. સવારથી રાત સુધી તેઓ પોતાનું દૈનિક કાર્ય, કૌટુંબિક કાર્ય અને લોકોને મુલાકાત આપવામાં સતત વ્યસ્ત રહેતા હતા. અમેરિકા જવાના ચારેક દિવસ અગાઉથી જ કૂટિરમાં આવતાં ભક્તોના દિલમાં ગુરુદેવની વિદાયનો અજંપો ઘોળાવા ને ઘેરાવા લાગ્યો હતો. સૌના દિલમાં પૂ. ગુરુદેવનાં મન ભરીને દર્શન કરી લેવાનો, તેમના સાન્નિધ્યનો લહાવો માણી લેવાનો, પોતાની મુશ્કેલીઓ પરત્વે માર્ગદર્શન મેળવી લેવાની ભાવના, તત્પરતા વર્તાતી હતી. પૂ. ગુરુદેવ ઈ. સ. ૧૯૯૨માં ૨૪મી એપ્રિલે અમદાવાદથી નીકળી છેક ૧લી જૂને અમદાવાદ પાછા ફરનાર હતા, તેથી ભક્તોને મન વિરહનો ઠીક ઠીક લાંબો ગાળો પસાર કરવાનો હતો. આથી ગુરુદેવની અનુપસ્થિતિમાં પોતાનું કોણ એવો ભાવ ઘણા ભક્તો અનુભવતા હતા. બને એટલું સાન્નિધ્ય માણી લેવાની સૌને ઉત્કટતા હતી: કેટલાક ભક્તોએ તો કૂટિરમાં સાંજે પૂ. ગુરુદેવને અનુકૂળ પડે તે રીતે થોડો સમય વધુ આપવા તેમ જ તેમના સ્વાનુભવોનો યત્કિંચિત્ લાભ આપવા પણ વિનમ્ર ભાવે જણાવ્યું હતું.

એ પ્રમાણે અમેરિકા જવાના છેલ્લા ચારેક દિવસો અગાઉ કુટિરમાં સાંજે સત્સંગનીરંગત જામતી હતી. મા ગાયત્રી તેમની સૂક્ષ્મ ઉપસ્થિતિની અવનવી અનુભૂતિઓ પણ કરાવતાં હતાં.

---

"જેમ તમારા સૌના હૃદયમાં મારું સ્થાન છે તેમ મારા હૃદયમાં પણ તમારા સહુનું સ્થાન છે."

*

"મારા વહાલા બંધુઓને સહેજ પણ મુશ્કેલી ન નડે તેનું હું ધ્યાન રાખીશ. એકાદ કાળી વાદળી પણ તમારા ઉપરથી પસાર થતી હશે તો હું એ કાળી વાદળીને પણ પી જઈશ."

---

તા. ૨૩મી એપ્રિલની આ વાત છે. સાયંકાળની સ્તુતિ, આરતી પતી ગયા પછી પૂ. ગુરુદેવના સૂચનથી જ કેટલાક ભક્તો સ્વેચ્છાએ રોકાયા હતા. કેટલાક તેમના આશીર્વાદ લઈ વિખરાઈ ગયા. થોડાક જણા જ કુટિરમાં રોકાયા હતા. ભાઈ મુંજાલ ગઝલ-કવિતા લલકારી રહ્યો હતો. દરમિયાનમાં પણ કેટલાક ભક્તો પૂ. ગુરુદેવના આશિષ લઈ વિદાય થઈ જતા હતા. પછી તો માંડ આંગળીને વેઢે ગણાય એટલા ભક્તો જ કૂટિરમાં ઉપસ્થિત હતા.

પૂ. ગુરુદેવ અચાનક ઝૂલા પરથી ઊભા થઈ ગયા અને ડાબી તરફ અદબ વાળી ઊભા રહી ગયા. ઉપસ્થિત ભક્તોને ખ્યાલ આવી ગયો કે ગુરુદેવ કંઈક કહી રહ્યા છે તેથી છૂટાછવાયા થોડા અંતરે બેઠેલા ભક્તો એકદમ પૂ. શ્રીની સમીપ આવી બેસી ગયા. સૌની નજર પૂ. ગુરુદેવ પર હતી.

ઉનાળાની ઢળી ચૂકેલી સંધ્યાએ 'અચાનક વાતાવરણમાં પલટો આણી દીધો. શીતળ-મધુર પવન ફૂંકાવા લાગ્યો. ગાંભીર્ય અને અસાધારણતાએ આવી આસન જમાવ્યું હતું.



Scanned by CamScanner

પૂ. ગુરુદેવે જણાવ્યું :

"ગાયત્રી માતાનાં વહાલાં બાળકો,

અમદાવાદ છોડીને જતાં મને પણ બહુ દુઃખ થાય છે. પરંતુ માતાજીએ લોકસેવાનું જે કાર્ય મને સોંપ્યું છે, તેને માટે મારે વિદેશ પણ જવું પડે છે.

હું અમેરિકા, લંડન કે વિશ્વના કોઈ પણ ખૂણે જાઉં છું ત્યારે મારો બધો જ સમય સતત કાર્યયજ્ઞમાં જ પસાર થતો હોય છે. અહીં જેમ 'નીલોષા' જાઉં છું ને 'નીલોષા'થી મારા નિવાસસ્થાને આવું છું તેમ વિદેશમાં પણ મારા ઉતારેથી કાર્યયજ્ઞના સ્થળે જાઉં છું ને પાછો આવું છું. તેથી ત્યાં મને હરવા-ફરવા માટે જરા જેટલોય સમય નથી હોતો. ઉપરાંત મેં વિશ્રામ માટે નિશ્ચિત કરેલો સમય પણ તાત્કાલિક ગોઠવાયેલા કાર્યક્રમ પાછળ ખર્ચાઈ જાય છે.

જેમ તમારા સૌના હૃદયમાં મારું સ્થાન છે તેમ મારાં હૃદયમાં પણ તમારા સહુનું સ્થાન છે. આ વખતે અમેરિકા જતાં પહેલાં-અત્યારે કુટિરમાં ઉપસ્થિત એવા મારાં વહાલાં ભક્તોનું ધ્યાન હું અમેરિકા રહ્યે રહ્યે પણ સતત રાખતો હોઉં છું છતાં-તમને આ સવા મહિનાના સમય દરમિયાન ઊની આંચ પણ નહિ આવે તેની હું ખાતરી આપું છું! મારા વહાલા બંધુઓને સહેજ પણ મુશ્કેલી ન નડે તેનું, હું ધ્યાન રાખીશ ..અરે એકાદ કાળી વાદળી પણ તમારી ઉપરથી પસાર થતી હશે તો હું તેને કહીશ કે હે વાદળી! તું રોકાઈ જા. હું એ કાળી વાદળીને પણ પી જઈશ...!! કોઈ તમારો વાળ પણ વાંકો નહિ કરી શકે. અત્યારે કુટિરમાં હાજર એવા તમામ બંધુઓ-મારા ભક્તો મારી અનુપસ્થિતિમાં ક્યારેય પણ-ક્યાંય પણ દુઃખી નહિ થાય.

---

**"કૃષ્ણ તો માત્ર ગોપીઓના-ગોવાળોના હૃદયમાં વસતો હતો પરંતુ મારે તો તમારા સહુના હૃદયમાં વસી જવું છે. હું તો માતાજીને પ્રાર્થના કરું છું કે તું મને વિશ્વના એકેક માનવ-બંધુના હૃદયમાં વિરાજીત કર. વિશ્વના ખૂણે ખૂણે વસતાં દીન-દુઃખી માનવીઓના હૃદયમાં મારે વસી જવું છે."**

---

કૃષ્ણ તો માત્ર ગોપીઓના-ગોવાળોના હૃદયમાં વસતો હતો પરંતુ મારે તો તમારા સહુના હૃદયમાં વસી જવું છે. હું તો માતાજીને પ્રાર્થના કરું છું કે તુ મને વિશ્વના એકેક માનવ બંધુના હૃદયમાં વિરાજીત કર... અમેરિકા, લંડન અને વિશ્વના ખૂણે-ખૂણે વસતાં દીન-દુઃખી માનવીઓના હૃદયમાં મારે વસી જવું છે.

અને હા...આ ઝૂલો (ઝૂલા તરફ નિર્દેશ કરી) મેં એટલા માટે ખાલી રાખ્યો હતો કે માતાજી તેના પર બિરાજે. (આ ક્ષણે જ ઝૂલા પર સાત બદામ માતાજીએ પ્રસાદી રૂપે પધરાવી હતી.)

આજે 'નીલોષા' પર માતાજીને થાળ ધરાવ્યો ત્યારે માતાજીએ અર્ધો ગ્લાસ પાણી પીધું હતું. અગાઉથી ખબર હોત તો આપણે તેમને જમાડત અને આખો ગ્લાસ ભરીને પાણી પીવડાવત! આપણે તો કહી દીધું છે કે આ તારું ઘર છે. એને (માતાજીને) જ્યાં હરવું-ફરવું હોય ત્યાં ફરે... આ ઘર એનું જ છે. આપણે માતાજીને એવો પ્રેમ આપીએ કે કે એ ક્યારેય અહીંથી જાય જ નહિ!



Scanned by CamScanner

સહુ ભક્તોને મારા આશીર્વાદ છે."

એમ કહી ગુરુદેવ ફરી ઝૂલા પર બિરાજ્યા.

તેમના અવાજમાં કોઈ સર્વ સત્તાધીશનો રણકો વર્તાતો હતો.

થોડી વાર બાદ કુટિર સમેટાઈ ગઈ.

વિખેરાતાં વિખેરાતાં કુટિરના પ્રાંગણમાં મા ગાયત્રીના મંદિરની સામે રથા-સથા ભક્તો ફરી ગુરુદેવની આસપાસ વીંટળાઈ ઊભા હતા. સાથે પૂ. બહેન પણ હતાં.

આ ક્ષણે માતાજીના અન્ય આદેશની વાત સ્મરણમાં આવતાં પૂ. ગુરુદેવે ઉપસ્થિતો સમક્ષ જણાવ્યું કે,

"મારી ગેરહાજરીમાં જે કોઈ વ્યક્તિને મુશ્કેલી પડે તો હું અહીં માતાજીના મંદિરમાં એક ડબ્બો મૂકી જઈશ. એ ડબ્બામાં મુશ્કેલીની વિગત લખી મૂકી દેશો. એ મને પહોંચી જશે.

ઉપરાંત જેમને જળ લેવાની આવશ્યકતા ઉપસ્થિત થાય તો અહીં મારા 'શ્રદ્ધા'ના નિવાસસ્થાને મા ગાયત્રીના મંદિરમાં માતાજીની છબી સામે માના જમણા હાથે પાણી ભરેલી બોટલ બે મિનિટ મૂકી પછી લઈ લેવી. જળ અભિમંત્રિત થઈ જશે..."

ગુરુદેવનાં આ વચનો પ્રમાણે 'નીલોષા'ના ઉષાબહેને તેમના બિમાર મોટા ભાઈ માટે જળની આવશ્યકતા ઉપસ્થિત થતાં મોટી બરણી મા ગાયત્રી પાસે મૂકી અને પાછી લેતાં તેમાં ગુલાબની સુવાસ મહેકી ઊઠી હતી.

□

# જ્ઞાનગોષ્ઠિ

પ્ર૦ : આપ 'આધ્યાત્મિક કેડી'માં સાત્ત્વિક ગુણોની જે ચર્ચા કરી રહ્યા છો તે વાંચવામાં આનંદ આવે છે. મારો પ્રશ્ન એ છે કે સાત્ત્વિક ગુણો મનુષ્ય કયા બળે કરીને પ્રાપ્ત કરી શકે છે? એ એના સંસ્કારની દેન છે? મા-બાપનો એમાં ફાળો છે? વ્યક્તિ પોતે એવા ગુણો વિકસાવી શકે? કેવી રીતે?

ઉ૦ : તમે સરસ પ્રશ્ન કર્યો.

મારી દૃષ્ટિએ મનુષ્ય સ્વપ્રયત્નથી સાત્ત્વિક ગુણો વિકસાવી શકે છે. એમાં માતા-પિતા તરફથી પ્રાપ્ત થયેલા ગર્ભના સંસ્કારો મહત્ત્વનો ભાગ તો ભજવે જ છે. તેમ છતાં તે વ્યક્તિના પૂર્વજન્મના સંસ્કારો પર, તેના પ્રારબ્ધ કર્મ પર વિશેષ આધાર રાખે છે. માતા-પિતા તરફથી સંસ્કાર-વારસામાં તેમ જ પોતાના પ્રારબ્ધ કર્મે કરીને જે ગુણો મળ્યા તે વ્યક્તિ પોતાના પુરુષાર્થથી ઉજ્જ્વળ કરી શકે છે. દીપાવી શકે છે.

વ્યક્તિના ગુણો તેની આંતર મનોશક્તિ પર પણ અવલંબે છે.

ભક્ત પ્રહ્લાદ અસુરના પેટે જન્મ્યો હોવા છતાં પોતાના પ્રારબ્ધ કર્મે કરીને અને અગાઉના જન્મમાં ઈશ્વરની અનન્ય શરણાગતિ સ્વીકારી ભક્તનું બિરુદ પામ્યો. અસુરોની કોઈ લીલા તેને સ્પર્શી ન શકી, તેની અચળ શ્રદ્ધા અને અનન્ય શરણાગતિથી અગ્નિ તેને સ્પર્શી ન શક્યો. તેને ઈશ્વરપ્રાપ્તિ થઈ.

સાત્ત્વિક ગુણોના વિકાસ માટે પવિત્ર, સાત્ત્વિક ને નૈતિક જીવન પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. જેમ ફળદ્રુપ જમીનમાં સારો પાક થાય તેમ પવિત્ર ને સાત્ત્વિક અસ્તિત્વમાં તમામ ભાવો સાત્ત્વિક અને પવિત્ર જ ઉદ્ભવે તે સ્વાભાવિક છે.

વ્યક્તિ જે પ્રારબ્ધ કર્મ લઈને આવે છે તેને તે સ્વ પ્રયત્નથી વિકસાવી ને ખીલવી શકે છે. દા. ત. તમે શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારી ઉપાસના કરવા તત્પર થયા છો. સત્સંગમાં તમને દિલચસ્પી છે. આધ્યાત્મિકતાને અભિમુખ બન્યા છો. તે તમારા પ્રારબ્ધ કર્મની દેન છે, પણ સત્સંગથી, વાચન-મનન-ચિંતનથી, ગુરુના આદેશનું પાલન કરીને, શ્રદ્ધા અને શરણાગતિને ઘૂંટવાના સતત અને સઘન પ્રયત્નોથી તમારી આધ્યાત્મિક અભિમુખતામાં એક નવો જ જુવાળ આવશે. નિરંતર ઉપાસનાથી નિત-નવીન અનુભૂતિઓ થશે. જે તમારી શ્રદ્ધા અને શરણાગતિને દૃઢ બનાવવામાં વિશેષ ઉપકારક નીવડશે.

મારી વાત કરું તો માતાજીએ મારા પ્રારબ્ધ કર્મે કરીને સાક્ષાત્કાર કરાવ્યો, લોકોની સેવા કરવાની તક આપી, મારામાં અખૂટ શક્તિનું નિર્માણ કર્યું, તેમ છતાં નિયમિત નિરંતર ઉપાસના તો મારે ચાલુ જ રાખવી પડે, જેથી તે મા ગાયત્રીનાં ચરણોમાં જમા થઈને રહે, ને કાળે કરી તેના અનુરાગનો હું અધિકારી ઠરું. તેની અનન્ત શક્તિ મારી સાથે જ છે, પણ હું જો માત્ર હાથ જોડી બેસી જ રહું તો એક દિવસ તો તે ક્ષીણ થવાની જ છે. એ શક્તિમાં વૃદ્ધિ થતી રહે તે માટે ઉપાસના-રૂપી પુરુષાર્થ ચાલુ રાખવો જ રહ્યો.

જેમ બેંકનું બેલેન્સ સતત વાપર્યા જ કરો, તો એક દિવસ તેનું તળિયું આવે જ છે, પણ વાપરવાની સાથે તેમાં જેટલી વધારે વૃદ્ધિ કરતા જાઓ તેટલી તે ભવિષ્યમાં તમને જ ઉપયોગી થવાની છે.

કહેવાનું તાત્પર્ય કે સાત્ત્વિક ગુણોની ખીલવણી માટે, તેના વિકાસ માટે મહત્ત્વ પુરુષાર્થનું છે.

વ્યક્તિ જેટલી વિનમ્ર, શાંત ને સ્વસ્થ બને તેટલી તેનામાં સમતાઓ, વિશેષતાઓ, વિલક્ષણતાઓ વિકસતી જાય.

[ આધ્યાત્મિક કેડી, જુલાઈ, '૯૨



Scanned by CamScanner

પ્ર૦ : આશીર્વાદ એટલે શું? એનું શું મહત્ત્વ? આશીર્વાદની અનિવાર્યતા ક્યારે ઉપસ્થિત થાય? તે કેવી રીતે સિદ્ધ થાય? આપ 'મારા આશીર્વાદ છે' એમ કહો છો ત્યારે આપ તે વ્યક્તિ પ્રત્યે કેવો ભાવ અનુભવો છો?

ઉ૦ આશીર્વાદ એટલે વ્યક્તિનું સર્વ પ્રકારે કલ્યાણ થવાની અંતરની ભાવના.

વ્યક્તિના જીવનમાં માતા-પિતા અને ગુરુ – સાચા સન્તના આશીર્વાદ પ્રાપ્ત થવા એ જીવનની અમૂલ્ય બક્ષિસ છે. વ્યક્તિના જીવનનું એ એક કવચ છે. તે સફળતાનાં શિખરો સર કરતો જ રહે છે. આશીર્વાદના કવચને ભેદીને કોઈ પણ પ્રકારનું અનિષ્ટ અસાત્ત્વિકતા કે અપવિત્રતા તેને સ્પર્શી શકતી નથી. આશીર્વાદ વ્યક્તિના જીવનનું છત્ર છે, સહારો છે, સધિયારો છે, એક ચાલક-પ્રેરક બળ છે, જેના વડે વ્યક્તિ ધારી દિશામાં ગતિ કરી શકે છે.

આશીર્વાદની અનિવાર્યતા તો જીવનમાં ડગલે ને પગલે ઉપસ્થિત થાય છે. આશીર્વાદ એ માતા-પિતા, ગુરુ – સાચા સન્તની અંતરની ઊંડી પ્રસન્નતા છે. એ ઊંડી પ્રસન્નતા માતા-પિતાનાં બાળકો માટે, ગુરુના શિષ્ય માટે, સન્ત પાસે સાચી શ્રદ્ધાથી આવનાર માટે શ્રેયસ્કર બને છે. માતા-પિતા, ગુરુ-સન્તના અંતરની ઊંડી પ્રસન્નતાની પળોમાં તેમના મુખમાંથી જે શબ્દો સરે છે તે સિદ્ધ થઈને રહે છે. અથવા એ પ્રસન્નતા જીવનના તમામ માર્ગોને મોકળા બનાવી દે છે, સંકટો-કંટકોને વિખેરી નાખે છે. ઊંડી પ્રસન્નતાની પળોમાંથી ઉદ્ભવેલી અંતરની ભાવનાનાં સ્પંદનો વાતાવરણમાં ફેલાતાં અનેક પ્રકારની સાનુકૂળતાઓ સર્જાય છે અને વ્યક્તિના જીવનને આનન્દની છોળોથી ભીંજવી દે છે.

આશીર્વાદનું મહત્ત્વ તો અદકેરું અને અનેરું છે. તે ક્યારેય અફર જતા નથી. પરાપૂર્વથી આપણે ત્યાં આશીર્વાદનું મહત્ત્વ પ્રસ્થાપિત થયું છે.

માતા-પિતા, ગુરુ-સન્તની અવજ્ઞા કરવી ઉચિત નથી.

આશીર્વાદની યાચના કરનાર અને આશીર્વાદ આપનાર બંને વચ્ચે માનસિક સ્પંદનોનું સામંજસ્ય (સુમેળ) હોય, એકમેક પ્રત્યે શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમ, શરણાગતિ અને અંતરનો સદ્ભાવ હોય, માનસિક સ્પંદનોનું સામ્ય હોય, ત્યારે આશીર્વાદ ત્વરાથી સિદ્ધ થાય છે એની અનુભૂતિ થાય છે.

ગુરુ પાસે સમ્પૂર્ણ શ્રદ્ધા, શરણાગતિ અને સમર્પણ ભાવથી જનારને, તેમના આદેશો, આદર્શોનું કડક પાલન કરનારને, મન, વચન અને કર્મથી પવિત્ર અને સાત્ત્વિક જીવન જીવનારને ગુરુના આશીર્વાદની અનુભૂતિ ત્વરાથી થાય છે. જેમ બે વ્યક્તિનાં સમાન રસ, રુચિ અને અભિગમ એકમેકને નજીક ખેંચીને સંબંધ દૃઢ બનાવે છે તેમ સંપૂર્ણ શ્રદ્ધા, શરણાગતિ, સમર્પણ ભાવવાળી, ઈશ્વરાધીન અધ્યાત્મ પરાયણ વ્યક્તિ ગુરુની ઊંડી પ્રસન્નતાની પાત્ર બને છે અને તેના પર આશીર્વાદની અમીધારી એકધારા વરસી રહે છે.

વ્યક્તિ જ્યારે પોતાની સમસ્યાઓ લઈને મારી પાસે આવે છે ત્યારે માતાજીના સંકેતને મારે ધ્યાનમાં લેવો પડે છે. તે મુજબ જ હું તેને માર્ગદર્શન અને આશીર્વાદ આપું છું. તેનું સર્વ પ્રકારે હિત થાય તેવી હું મનમાં ભાવના રાખું છું. આધ્યાત્મિક રીતે હું સતત તેનું ધ્યાન રાખતો રહું છું. પણ માતાજીના સંકેત-આદેશથી હું ઉપરવટ ન જઈ શકું.

મારી પાસે કોઈ આવે કે ન આવે, સૌને મારા આશીર્વાદ તો એકસરખા હોય છે. સૌ પોતપોતાની પાત્રતા પ્રમાણે તેની અનુભૂતિ કરી શકે છે. પાત્ર જેટલું નક્કર તેટલી આશીર્વાદ ઝીલવાની ક્ષમતા વધારે. એથી વિશેષ હું મારા ભાવને વધુ વર્ણવી ન શકું. કેટલીક બાબતો ગોપનીય રાખવાનો – પ્રગટ ન કરવાનો માતાજીનો આદેશ છે.

□



Scanned by CamScanner

# નોકરી મળી

ખૂબ જ નાની ઉંમરમાં તો નંદકિશોરે કંઈ કેટલીય તડકી છાંયડી જોઈ નાખી હતી. સાવ નાનો હતો ત્યારે પિતાજીનો સ્વર્ગવાસ થયેલો. એક માત્ર માતાનો સહારો હતો, પણ તે હમેશાં માંદી રહેતી હતી. કોઈ આવક નહોતી. પિતાજીની જે કંઈ બચત હતી તે ઘરખર્ચમાં અને માતાની સારવારમાં વપરાયે જતી હતી. વાપર્યે તો ભર્યા ભંડાર પણ ખૂટી જાય એ ન્યાયે ઘરમાંથી ધીમે ધીમે એક પછી એક કીંમતી ચીજો અદૃશ્ય થયે જતી હતી. ઘરની રોનક ધીરે ધીરે ઝાંખી પડતી જતી હતી. ઘરની ગમગીની મા-દીકરાનાં મોં પર ડોકાવા લાગી હતી.

નંદકિશોર પોતાની જરૂરિયાતો ઘટાડયે જતો હતો. એટલું જ નહિ, પોતાને લાયક એવું નાનું સરખું કામ પણ શોધ્યા કરતો હતો. એવામાં સંજોગોએ જ એવી સૂઝ કેળવી આપી હતી કે એને કાંઈ ને કાંઈ કામકાજ મળી રહેતું. પણ એ તો આભ ફાટતાં થીંગડું દેવા બરાબર હતું. નિશાળની ફી, ચોપડીઓ અને નોટોનો ખર્ચ એ બધું તો ન પોષાય, પણ એટલો સમય શાળાના ઓરડામાં બેસી રહેવાનું પણ એને પાલવતું નહિ. મનમાં સતત રમતી રહેતી બુઢ્ઢી માની ચિંતા સાથે ભણવામાં પૂરેપૂરું ચિત્ત પરોવવાનું એને માટે મુશ્કેલ હતું. ઘરના કામમાં પણ માને મદદ કરવી પડતી. મા રાંધતી તો ખરી, પણ કપડાં ધોવાં, વાસણ માંજવાં, ઘરમાં કચરા-પોતાં કરવાં, ચીજવસ્તુઓ લાવવી, દળણું દળાવવું એ બધુંયે કામ નંદકિશોરને માથે રહેતું.

---

**માતાજી કોઈ માર્ગ કાઢશે એવી શ્રદ્ધાથી નંદકિશોર અચૂકપણે માળા કર્યા કરતો હતો.**

---

આ સંજોગોમાં અભ્યાસ છોડી નોકરીએ લાગવાનું જ નંદકિશોરને યોગ્ય લાગ્યું. એક સગાની ભલામણથી એને એક સારી પેઢીમાં નોકરી મળી ગઈ. નંદકિશોરની સ્થિતિ પલટાવા માંડી. ઘરમાં માએ શાહતનો દમ લીધો. ઘર ઠીકઠીક થવા લાગ્યું ત્યાં તો નંદકિશોર માટે એક મોટા ઘરનું માગું આવ્યું. કુટુંબની ખાનદાની જોઈ, ઘરની સ્થિતિ સામે જોવા કરતાં વરની હોશિયારી સામે જોનારા એક સરકારી અધિકારીએ પોતાની દીકરીનું સગપણ નંદકિશોર સાથે કરવાની ઇચ્છા દર્શાવી. માને તો વાટે ચાલતાં ગાડું મળ્યા જેવો ઘાટ થયો. નંદકિશોરનાં તાબડતોબ લગ્ન લેવાયાં. લગ્નનો તમામ ખર્ચ સસરાએ ઉપાડી લીધો. પ્રસંગ પત્યો. સસરાએ દીકરી-જમાઈને રહેવા માટે મકાન લઈ આપ્યું. વરસનું સીધું સામાન ભરાઈ ગયાં. દર મહિને ખર્ચીની રકમ પણ બારોબાર પહોંચી જવા માંડી. સગાંવહાલાં તો મોમાં આંગળાં નાખી ગયાં ! પણ નંદકિશોરની ગાડી પાટે ચડી ગઈ હતી.

એકાએક પરિસ્થિતિએ પલટો લીધો. પતિ-પત્નીના અણબનાવે પરિસ્થિતિને સાવ વિપરીત કરી દીધી. નાની નોકરી વૈભવમાં મહાલતા નંદકિશોરને ફરી નોકરી માટે ફાંફા મારવાની વેળા આવી.

પોતાની જૂની આવડત પર એણે નાની-મોટી ચીજવસ્તુઓનું વેચાણ તો શરૂ કરી જ દીધું, પણ તેથી કાંઈ પત્તો ખાય એમ નહોતો. ખૂબ મૂંઝવણભરી સ્થિતિમાં દિવસો ગુજારતો નંદકિશોર એક વાર તેના ફુઆ શિવપ્રસાદને ત્યાં બેઠો હતો. એની નજર ત્યાં પડેલા 'સંદેશ' વર્તમાનપત્ર પર પડી. તેમાં તેણે ગાયત્રી-ઉપાસનાનો મહિમા વાંચ્યો અને શાસ્ત્રીજીને મળવાની પ્રેરણા થઈ. સરનામું મેળવી એ



Scanned by CamScanner

શાસ્ત્રીજીને મળ્યો. એની બધી હકીકત સાંભળી શાસ્ત્રીજીએ એને રોજ સવારે ગાયત્રી મંત્રની ત્રણ માળા કરવાનું સૂચન કર્યું. તેણે ઘેર આવી પોતાના ફુઆ શિવપ્રસાદને બધી વાત કરી. ફુઆ મૂળ ધાર્મિક વૃત્તિના પરગજુ માણસ હતા. તેમણે નંદકિશોરને પ્રોત્સાહન આપી માનું શરણું ગ્રહણ કરવાની સલાહ આપી.

નંદકિશોરે નિયમિત રીતે ગાયત્રી ઉપાસના આરંભી દીધી. એકવાર માળા કરતાં એના મનમાં અચાનક એવી સ્ફુરણા જાગી કે જો હું મુંબઈ જાઉં તો મને નોકરી મળે. પણ મુંબઈ જવું કેવી રીતે? મુંબઈ જવા માટે અને નોકરીની શોધ માટે ત્યાં રહેવા થોડા નાણાં તો જોઈએ ને! દેવું કરવાની કે ઉછીની માગવાની તો જગા જ કયાં હતી? મનમાં જાગેલી ઝંખનાને અમલમાં મૂકવાની કોઈ આશા દેખાતી નહોતી. માતાજી કોઈ માર્ગ કાઢશે એવી શ્રદ્ધાથી નંદકિશોર અચૂકપણે માળા કર્યા કરતો હતો. પાંચેક દિવસ પછી એક વાર તે પોતાના ફુઆને ત્યાં બેઠો હતો ત્યારે એના ફૂઆએ કહ્યું: 'નંદુ, એક કામ ન કરે?'

'જરૂર કરું, તમે ફરમાવો એટલી જ વાર.'

'ચારેક દિવસ બહારગામ જવું પડે એમ છે.'

'હું જઈશ. પણ કયાં જવાનું છે તે તો કહો.'

'મુંબઈ જવાનું છે. એક સામાજિક કામ છે.'

નંદકિશોર આશ્ચર્યથી ઊભરાઈ ગયો.

'અરે ફુઆ, મુંબઈ તો મારે જવું જ છે.' એટલું બોલતાં તો નંદકિશોરનું ગળું રુંધાઈ ગયું. એને થયું કે મા જ મારા જવાની ગોઠવણ કરી રહી છે.

એને ઢીલો પડેલો જોઈ ફુઆએ એને કારણ પૂછયું. એને પોતાને નોકરી માટે મુંબઈ જવાની થયેલી સ્ફુરણાની માંડીને વાત કરી અને પૈસા માટે જ મુંઝાતો હતો એ-ય કહ્યું. ફુઆએ એને હિંમત આપતાં કહ્યું:

'જો માતાજી બધું જ બરાબર કરશે. તને જવા-આવવાનું ભાડું તો આપું જ છું, પણ બીજા વધુ પૈસા પણ આપું છું. ને ત્યાં તારે રહેવાનો પ્રશ્ન તો છે જ નહિ. હું જે સામાજિક કામે મોકલું છું તે પતાવીને તું મારાં બહેનને ત્યાં રહેજે. હું તને ચિઠ્ઠી લખી આપું છું.'

ફુઆએ કામની વિગત સમજાવી ચિઠ્ઠી લખી આપી અને જરૂરી નાણાં આપ્યાં.

મુંબઈ પહોંચ્યા પછી થોડા સમય બાદ નંદકિશોરનો પત્ર આવ્યો. તેણે લખ્યું હતું:

પૂ. ફુઆ,

આપની સૂચના મુજબ બધું કામ પતાવી દીધું છે. બહેનના ઘેર રહું છું. બીજા શુભ સમાચાર એ કે મને અહીં નોકરી મળી ગઈ છે. પાંચસો રૂપિયા પગાર છે અને રહેવાની વ્યવસ્થા પણ કંપનીના ગોદામમાં શેઠ કરી આપશે એવી વાત થઈ છે. આટલા સમાચાર આપ જાતે પૂ. શાસ્ત્રીજીને પહોંચાડશો.

લિ. નંદકિશોરના પ્રણામ

□



Scanned by CamScanner



ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

Scanned by CamScanner